
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી મહાવીર પ્રભુ જયંતિ પ્રસંગે પ્રાર્થના. | ( કવિ રેવાશંકર વાલજી. ) | ૨૩૩ |
| ૨. | સમ્યગ્ જ્ઞાનની કુંચી ... | ( શ્રી ચંપતરાયજી જૈની. ) ... | ૨૩૬ |
| ૩. | સંસારમાં સ્વાર્થ સિવાય કોઇ વસ્તુ નથી. | (આ. શ્રી વિજયકસ્તુરસૂરિ ) | ૨૩૭ |
| ૪. | ધર્મનું મહાત્મ્ય ... ... ... | ( આત્મવલ્લભ ) ... | ૨૪૨ |
| ૫. | સાંસારિક સુખ ... ... | ( છોટમ અ. ત્રિવેદી.) ... | ૨૪૪ |
| ૬. | પાંચ જ્ઞાનનું સ્વરૂપ ... ... | ( ચોકસી. ) ... | ૨૪૭ |
| ૭. | પાંચ સકાર. ... ... ... | ( અભ્યાસી બી. એ ) ... | ૨૫૨ |
| ૮. | વર્તમાન સમાચાર ... ... ... ... | ... | ૨૫૫ |
| ૯. | સ્વીકાર અને સમાલોચના ... ... ... | ... | ૨૫૬ |



## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટનું પુસ્તક.

" મહામેઘવાહન જૈન રાજા ખારવેલ " નામનો પ્રાચીન ઐતિહાસિક ગ્રંથ સુપ્રસિદ્ધ લેખક રા. સુશીલના હાથે તૈયાર થાય છે, છપાય છે. તૈયાર થયા પછી ચાલતા ધોરણ મુજબ એ વર્ષના લવાજમનું વી. પી. કરી અમારા માનવંતા ગ્રાહકોને ભેટ મોકલવામાં આવશે જે સ્વીકારી લેવા અમારી નમ્ર સૂચના છે.

## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ.

નીચેના ત્રણ ગ્રંથો તૈયાર થાય છે. તૈયાર થયે ચાલતા ધોરણ પ્રમાણે મોકલવામાં આવશે.

૧ **શ્રી મહાવીર જીવનચરિત્ર** ( સચિત્ર ) છસેંહ પાનાનો દલદાર ગ્રંથ રૂા. ૩-૦-૦

૨ **શ્રી આત્મકાન્તિ પ્રકાશ**—પૂજ્ય પ્રવર્ત્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજનાં ભક્તિરસભર્યાં વિવિધ સ્તવનો ( જેમાં મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા ઉત્તમ ભોજકની કૃતિઓનો સમાવેશ છે. વેચાણ માટે સીલીકે નથી )

૩ **" મહામેઘવાહન જૈન રાજા ખારવેલ "** પ્રાચીન ઐતિહાસિક જાણવા જેવી હકીકતપૂર્વક ગ્રંથ. રૂા. ૧-૦-૦

જલદી મંગાવો. ઘણી થોડી નકલો છે. જલદી મંગાવો

## શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

( શ્રી દેવેન્દ્રસૂરિકૃત ટીકાવાળું )

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧–૮–૦ પો. જુદું.

**બીજા પર્વથી છપાય છે.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ १ ॥
" કર્મરૂપ કષ્ટથી વ્યાપ્ત એવા આ જન્મમાં એવો ( શુભ )
પ્રયત્ન કરવો કે જેના પરિણામે કર્મરૂપ કષ્ટ ( સદંતર )
વિનાશ પામે,–આ ( માનવજન્મનું ) રહસ્ય છે. "
શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક–તત્ત્વાર્થ ભાષ્ય.

पुस्तक ३९] वीर सं. २४६४. वैशाख. आत्म सं. ४२. आ० श० वर्ष २ जुं [अंक १०मो.

## શ્રી યુગપ્રવર્ત્તક મહાવીરસ્વામીની જયંતિ ચૈત્ર શુદિ ૧૩ના દિવસે શ્રી આત્માનંદ સભાએ કરેલી પ્રાર્થના

દોહરા.

અધર્મનો જ્યાં ત્યાં અરે ! વહેતો જોઇ સમીર;
પ્રગટ થયા પૃથ્વી વિષે, ધર્મધુરંધર ધીર. ૧

વ્યાપ્યું વિકૃત રૂપમાં, અધર્મ ગાઢ તિમિર;
સૂર્યરૂપ પ્રગટ્યા પ્રભુ, કર્મયોગી મહાવીર. ૨

સ્વયંજ્યોતિ સવિતા તણી, જયંતિ આ જયકાર;
સ્મરણ, નમન, વંદન કરી, સ્તવીએ જગદુદ્ધાર. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરિગીત—

ઐહિક સુખમાં લિપ્ત, આખું જગત જે સમયે હતું,
અધ્યાત્મતત્ત્વતણું અરે, અસ્થિત્વ–દર્શન ના થતું;
વૈભવ–વિલાસો લાલસાનાં પૂર્ણબળ ખ્હેંકયાં હતાં,
હિંસાતણાં પાપો અરે! પૂરજોશમાં થાતાં હતાં. ૨

ચોતરફ ફેલાઇ હતી, હિંસક ક્રિયાઓ કારમી,
શોણિત ભીની ભૂ અરે! કરતાં પશુઓને દમી;
વાતાવરણ વિકૃત હતું, ને રક્ત ધારાઓ વહે!
જોનાર પણ કંપે! તહાં સહેનાર શી રીતે સહે!! ૩

આ "અધઃપતન"ની ઘડી, લખતાં ય કંપારી છૂટે,
અજ્ઞાનની આ **ઘોરરાત્રી**, સૂર્ય વિના શું મટે?
આવો કટોકટનો સમય અવલોકી શ્રી પ્રભુ અવતર્યા,
**ત્રિશલા** સુમાતાગર્ભમાં પ્રભુએ પ્રભુતત્ત્વો ધર્યાં. ૪

શ્રી "યુગપ્રવર્ત્તક" અવતર્યા, મહાજયોતિ આત્મસ્વરૂપની,
અદ્ભુત કાંતિ પ્રકાશ પામી, **આદ્યયોગી** રૂપની,
આંદોલનો અમૃતભર્યાં ચોખૂટ ફેલાઇ રહ્યાં,
અવની થી તે આકાશ સુધી, શુદ્ધિનાં વહનો વહ્યાં. ૫

આ સૃષ્ટિકેરી કષ્ટીને નિજ દૃષ્ટિથી નીર્ખી લીધી,
નિજ આત્મબળ વિકસાવવાને આદરી તપની વિધિ;
સિદ્ધિ સકળ કરી પ્રાપ્ત, તે નિજ આત્મશક્તિ વિકાસથી,
મહામંત્ર ફૂંકયો ને મુંગા પ્રાણી ઉગાર્યાં ત્રાસથી. ૬

એ અજબ આંદોલનતણો ટંકાર જગમાં વાગીયો,
આશ્ચર્યમાં તરબોળ સૌ સંસારીયોને યોગી થઇ;
શ્રી સ્યાદ્વાદતણું ઉંડું મહાતત્ત્વ તે સમજાવીયું–,
અજ્ઞાન અંધારું ગયું, ને શુકલપક્ષ જ આવીયું. ૭

જ્યાં ત્યાં સુધર્મતણા પૂરાયા કંકુવર્ણા સાથીયા,
આધીન થઈ સેવક બન્યા, શૂરા–પૂરા–ભડ ભાથીયા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખા જગતમાં આણુવર્તી યુગપ્રવર્તક વીરની,
આજે ઉજવીએ આ जयंति શ્રી પ્રભુ મહાવીરની. ૮

નિજ આત્મબળની સાધનાર્થે ભવ કર્યા સત્તાવીશે,
કૈં કૈં નવું ચેતન ભર્યું સદ્ધર્મનું સૌ ભવ વિષે;
માનવહૃદયનો પાલટો કૈં મહત્ શક્તિથી કર્યો,
વિકૃત થએલી ભૂમિકેરો પાપમળ આપ મર્યો. ૯

માનવહૃદય વિકસાવીયાં તે પ્રેમબળના સાધને,
નિઃસંગ પણ પરમાર્થ માટે વિચરતાં સંગી બને;
શ્રી चरम–तीर्थंकर श्रमण महावीरस्वामी આપને
મંગળ સ્તવન કરી વંદીએ ઉરમાંહી જપીએ જાપને. ૧૦

વન, ઉપવન ને, ગિરિકંદરા કે શહેરમાં વસતા જનો,
જય ઘોષણા આ ધર્મની સુણીને રૂડા શ્રાવક બનો;
હા ! વિશ્વબન્ધુ, સામ્યતા ને આત્મરૂપની ઐકયતા,
એ બોધ અમૂલો આપનો, નરજન્મની સાર્થકયતા. ૧૧

શાર્દૂલવિક્રીડિત વૃત્ત—

પ્રેર્યો શ્રી પ્રભુએ પવિત્રપથમાં મહામંત્ર स्याद्वादનો
એ સિદ્ધાંતતણું રહસ્ય સમજી સાચા સુધર્મી બનો
જેનું નામ અખંડ–ઉજ્જવળ, અને માંગલ્યકારી સદા
તે શ્રી महावीरस्वामी, સૌ જનતણી ટાળો બધી આપદા.

દોહરો,

વિશ્વવંદ્ય, કરૂણાનિધિ–મહાવીર મંગળનામ—
જયંતિ દીને આ સભા, પ્રેમે કરે પ્રણામ—

ભાવનગર
ચૈત્ર શુદિ ૧૩
શ્રી જૈન આત્માનંદ સભા

લી૦ ધર્મપ્રેમી
રેવાશંકર વાલજી કવિ
ધર્મોપદેશક–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

[ ગતાંક પૃષ્ઠ ૨૧૩ થી શરૂ ]

## આત્માના ધર્મવિમુખતાના સંભાવ્ય કારણો અને આત્માનું અધઃપતન.

( જૈન દ્રષ્ટિએ )

આત્મજ્ઞાન એ જ ખરો આત્મ–વિજય છે. આત્મજ્ઞાન આગળ દુનિયાની મોટી મોટી શોધો પણ કંઇ વિસાતમાં નથી. આજની મહાન્ ગણાતી શોધો સર્વજ્ઞતા, અતીન્દ્રિય દર્શન આદિ આત્માની અપૂર્વ શક્તિઓની તુલનામાં જાણે કે કંઈ જ નથી એમ કહી શકાય. આજની શોધોથી જનતાનાં વાસ્તવિક સુખમાં કંઇ વધારો નથી જ થયો. વિપુલ દ્રવ્ય–સામગ્રી, માદક પદાર્થો, ઘોર સંહારકારી વિગ્રહો વિગેરેથી દુનિયાનું વાસ્તવિક કલ્યાણ કંઇ જ નથી થયું. ઉલટું એ સર્વથી દુનિયાનું સત્યાનાશ વળ્યું છે. જગત્ અસત્ય અને પાપને પંથે વળ્યું છે. સંસ્કૃતિને નામે જગતમાં ભયંકર અસંસ્કારોનો પ્રાદુર્ભાવ થયો છે. વિશ્વનાં મહાન્ સત્યોનું ઉત્થાપન થયું છે. ધર્મસ્થાપકોના પરમ બોધનો ધૃષ્ટતાપૂર્વક ભંગ થયો છે. એક ગાલ ઉપર તમાચો પડે તો બીજો ગાલ ધરવાનો ઇસુનો બોધ આજે ભાગ્યે જ કોઇને માન્ય રહેલ છે. ક્રોધ કરનાર ઉપર પ્રેમ દાખવવાનો ભગવાન બુદ્ધનો ઉપદેશ આજે ભાગ્યે જ કોઇને રુચતો હશે. બુદ્ધ, જીસસ ક્રાઇસ્ટ વિગેરે ધર્મ–સંસ્થાપકોના ઉપદેશનો અમલ થવાને બદલે તેનો ખુલ્લેખુલ્લો ભંગ થતો હોય એમ સામાન્ય રીતે પ્રતીત થાય છે. જો જીસસ ક્રાઇસ્ટનો ઉપદેશ આજના ખ્રિસ્તીઓને માન્ય હોય તો નાની પ્રજાઓને સ્વાધીન રાખવાનો વિચાર કેટલાંક રાષ્ટ્રોને સ્વપ્ને પણ કેમ ઉદ્ભવે ? પાશ્ચાત્યો ધનના ઢગલા શા માટે કરે ?

સત્ય વાત એ છે કે, આધુનિક જનતા અધઃપતનમાં એટલી બધી નિમગ્ન થઇ ગઇ છે કે, સર્વત્ર અહંકાર અને સ્વાર્થવાદનું જ અધિરાજ્ય જામ્યું છે. લોકો પોતાનાં સત્ય સ્વરૂપ( પાપી સ્વરૂપ )ને છૂપાવવાના ઉદ્દેશથી અનેક પ્રકારના ઢોંગ પણ કરે છે. વાણી, કાર્ય આદિ અનેક રીતે કૃત્રિમતા( ઢોંગ )નું જ સેવન કરે છે. ધર્મના મહાન્ આવિષ્કારકોએ સમજાવેલું જીવનનું પરમ રહસ્ય ન સમજાયાથી, દુઃખનો અનુભવ મનુષ્યને પ્રાયઃ થયા જ કરે છે. આવી રીતે જીવન દુઃખમય હોવા છતાં, મનુષ્ય અનેક રીતે પોતાનું દુઃખ ઢાંકવાનો પ્રયત્ન કરે છે. વારંવાર નિર્માલ્ય આવેશોનો ભોગ બન્યાથી, મનુષ્યનાં દુઃખમાં દિનપ્રતિદિન વધારો જ થયા કરે છે. પોતાનાં મહત્ત્વ, સદાચારણ આદિના સંબંધમાં ખોટા ખ્યાલોથી આત્મવંચના પણ કરે છે.

કોઇ દેશ દુનિયામાં ધનાઢ્યમાં ધનાઢ્ય હોય, તેનાં પ્રાકૃતિક અને અન્ય દ્રવ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસારમાં સ્વાર્થ સિવાય પ્રેમ કે સ્નેહ જેવી કોઈ વસ્તુ છે જ નહિં.

( ગતાંક પૃષ્ઠ ૨૨૩ થી ચાલુ )

લે. શ્રી. વિજયકસ્તુરસૂરિજી મહારાજ

જેવી રીતે મનુષ્યો સ્વાર્થના માટે પરસ્પર ચાહના રાખે છે, તેવી જ રીતે સ્વાર્થના માટે મનુષ્યો પશુ-પક્ષીયો ઉપર પણ ચાહના રાખતા નજર આવે છે. મનુષ્યો, ગાય-ભેંસ પાળે છે, તેની સેવાચાકરી કરે છે તે કાંઈ નિઃસ્વાર્થપણે કરતા નથી; પણ દૂધ, દહીં, ઘી આદિ વસ્તુઓની પ્રાપ્તિરૂપ સ્વાર્થના માટે કરે છે. બળદ, ઘોડા, હાથી વિગેરે પાળે છે, તે પણ ખેતી તથા સ્વારી વિગેરેના કામ માટે પાળે છે. પક્ષીયોમાં પોપટ વિગેરેને પાળે છે, તે પોતાના આનંદને માટે પાળે છે. આ પ્રમાણે વિષયતૃપ્તિરૂપ આનંદ તથા જીવનનિર્વાહના સાધનરૂપ સ્વાર્થ સાધવાને માટે પશુ-પક્ષી ઉપર સ્નેહભાવ રાખી તેની સેવાચાકરી મનુષ્યો કરે છે.

સંસારમાં સ્વાર્થ ત્રણ ભાગમાં વ્હેંચાયલો છે. એક તો પરમાર્થરૂપ સ્વાર્થ, જેને સાચા જ્ઞાનવાળા જ્ઞાનીપુરુષો જ કરી જાણે છે, કે જે સ્વાર્થમાં પરમ શાંતિ રહેલી હોય છે, પરિણામે પરમ આનંદને આપવાવાળો હોય છે. સંસારના કોઈ પણ પ્રાણીને દુઃખ આપ્યા સિવાય સાધી શકાય છે. અનંતું જીવન અને અનંતું સુખરૂપ આત્માના ગુણોનો વિકાસ કરનાર હોય છે. બીજો સ્વાર્થ જીવનનિર્વાહનો હોય છે. આ સ્વાર્થ ચાહે ત્યાગી હો, ચાહે ભોગી હો સઘળાયને રાખવો પડે છે. પ્રાણીમાત્ર પોતાને મળેલા જીવનને ટકાવી રાખી તેમાં જીવવાની ઈચ્છાવાળા હોય છે. પરમાર્થરૂપ સ્વાર્થને સાધવા માટે પણ આ સ્વાર્થની જરૂર પડે છે. માટે દુનિયાનાં પ્રાણીમાત્રમાં આ સ્વાર્થ રહેલો હોય છે. ત્રીજો સ્વાર્થ મોજશોખનો છે. આ સ્વાર્થ અનીતિથી દ્રવ્ય ઉપાર્જન કરીને શ્રીમંત બનેલાઓમાં વધારે જોવામાં

---

અત્યંત સુંદર હોય, અતુલ ધન-સંપત્તિને કારણે જીવનના વૈભવ વિલાસોમાં નાગરિકોને કશીયે અપૂર્ણતા ન હોય, પણ તેથી તે દેશનો દરેક નાગરિક વાસ્તવિક રીતે સુખી છે એમ ન જ કહી શકાય. નાસ્તિકતા, પ્રભુથી પરાઙ્મુખતા વિગેરે કારણે મનુષ્યો કુદરતને અનુરૂપ જીવન નથી ગાળતા. જનતાનું વર્તમાન જીવન પ્રાયઃ કુદરતથી અસંગત રીતે ચાલે છે; આથી જનતાનાં દુઃખ, દારિદ્ર આદિમાં ખૂબ વધારો થયેલ છે. નાસ્તિકવાદથી ઇંદ્રિય-લાલસા વિગેરેનો જ ખૂબ વિકાસ થતો હોવાથી, આત્માનાં દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થઇ શકતો નથી. નાસ્તિકવાદની આ એક અનેરી ન્યૂનતા છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે. શ્રમજીવીયોમાં થોડા પ્રમાણુમાં હોય છે. ક્ષણિક સુખ તથા ક્ષણિક આનંદ સિવાય આ સ્વાર્થમાં બીજી કાંઇ પણુ પ્રાપ્તિ હોતી નથી. મનુષ્યો મોજશોખ માટે અનીતિ તથા અધર્મનું આચરણુ વધારે કરે છે, જેથી કરી તેઓ વધારે અપરાધી બને છે. મોજશોખરૂપ સ્વાર્થ સાધવાવાળાઓનો અનુરાગ જડ ઉપર વિશેષ હોય છે. ખાવાપીવાના માટે મનગમતી વસ્તુઓનો ઉપયોગ કરે છે, અનેક પ્રકારના રસનેંદ્રિયના પોષક પદાર્થો વાપરે છે. પોતાની જીભના સ્વાદને ખાતર અનેક જીવોનો વિનાશ કરે છે. મોજશોખના સ્વાર્થીયોનો અનુરાગ ઘરેણાં, સારાં સારાં કપડાં, સારાં મકાનો, બાગબગીચા, મોટર આદિ વસ્તુઓ ઉપર પણુ વિશેષ હોય છે. એમને નાટક–સિનેમા આદિ રમતગમતના સાધનો પણુ બહુ જ ગમે છે. સુગંધી વસ્તુઓ તેમજ અનેક પ્રકારના વાજીંત્રોની પણુ ચાહના એમને ઘણી જ રહે છે. તાત્પર્ય કે જેટલો જડ સંસાર છે તેને ક્ષણિક આનંદના માટે ચાહનારા મોજ–શોખના સ્વાર્થીયો હોય છે. ઉપર બતાવેલા ત્રણુ પ્રકારના સ્વાર્થોમાંથી પરમાર્થરૂપ સ્વાર્થ, તે નામનો જ સ્વાર્થ છે. તેનાથી આત્માનું અકલ્યાણુ થતું નથી; કારણુ કે તેમાં આત્માની ઉચ્ચતમ દશા પ્રાપ્ત કરવાના પ્રયોજન સિવાય બીજું કાંઇ પણુ પ્રયોજન હોતું નથી. તેમનો આત્મશ્રેય માટે કરવામાં આવતો જગતના જીવો ઉપરનો સ્નેહ ઉભયનું હિત કરવાવાળો હોય છે. તેમનો સ્વાર્થ જગતના કોઇ પણુ જીવને દુઃખદાયી હોતો નથી, માટે તેને ઉત્તમ ગણ્યો છે. પૂર્વે જેટલા મહાપુરુષો થઇ ગયા છે તેઓ સાચા સ્વાર્થી બનવાનો ઉપદેશ આપી ગયા છે. સાચા સ્વાર્થ સિવાય જગતનું કલ્યાણુ નથી. પણુ પહેલાં સાચા સ્વાર્થને સારી રીતે ઓળખવો જોઇયે અને ત્યારપછીથી જ સ્વાર્થી બનીને સ્વશ્રેય સાધવું જોઈએ. સ્વને ન ઓળખવાથી જ જગત છેતરાય છે. અમે સ્વાર્થ સાધ્યો એમ માનીને સંતોષ જાહેર કરે છે, પણુ તે મોટી ભૂલ કરે છે, કારણુ કે સ્વના જ્ઞાનશૂન્ય આત્માઓ સ્વાર્થ સાધવાને બદલે સ્વાર્થભ્રષ્ટ થાય છે. સ્વસંબંધીની તેમની અજ્ઞાનતા તેમનો સર્વનાશ કરે છે. બીજા જીવોને દુઃખ આપી, તેમને છેતરી, વિશ્વાસઘાત કરી, તેમને મારી નાખી, તેમનું જીવન અનીતિમય બનાવી કોઇયે પણુ આજ સુધીમાં સ્વાર્થ સાધ્યો નથી, માટે સ્વ એટલે પોતાની ઓળખાણુ કરવાની અત્યંત આવશ્યકતા છે.

સ્વને ના ઓળખનારાઓ, કેવળ પચીસ-પચાસ કે સાઠ સીત્તેર વર્ષના મળેલા જીવનને જ સ્વ માનનારાઓ મધ્યમ કોટિના સ્વાર્થીયો ગણુાય છે. તેઓ પોતાના જીવનને ટકાવી રાખવાને માટે સંસારને ચ્હાય છે. જીવનનિર્વાહ અનેક પ્રકારના સાધનોથી થાય છે. કોઇ નોકરી કરીને જીવન નિર્વાહ કરે છે, તો કોઇ અનેક પ્રકારના ધંધા કરીને જીવનનિર્વાહ કરે છે. કોઇ મજૂરી કરીને કરે છે, તો કોઇ ભિક્ષા માગીને કરે છે. મતલબ કે, જીવવાને માટે મનુષ્ય અનેક પ્રકારની પ્રવૃત્તિયો કરે છે. જીવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં કેટલાકને અનુકૂળતા મળે છે, તો કેટલાકને પ્રતિકૂળતા મળે છે. કેટલાક સુખે નિર્વાહ કરે છે, તો કેટલાક દુઃખે નિર્વાહ કરે છે. કેટલાકનો જીવવાનો હેતુ અકલ્યાણનો હોય છે, તો કેટલાકનો ફક્ત જીવન વ્યતીત કરવાનો હોય છે.

પરિશ્રમ વગર જીવનનિર્વાહ કરવાની ચાહનાવાળા, દંભ, છળ, વિશ્વાસઘાત વિગેરે અનીતિ કરવાવાળા હોય છે; અને શ્રમજીવી તથા મરી જવું છે એમ સમજનારા, અસત્ય, છળ, પ્રપંચ કે વિશ્વાસઘાતરૂપ અનીતિ કરતા નથી. એક દિવસ મરવું છે, એમ માનનારા સંતોષી હોય છે. ત્યારે મૃત્યુને ભૂલી જનારા અસંતોષી હોય છે. વગર મહેનતે આજીવિકા કરવાની ભાવનાવાળાઓ ચોરી, જૂગાર આદિ દુર્વ્યસનના સેવનારા હોય છે. તેમના જીવનમાં અનેક પ્રકારની આપત્તિ વિપત્તિ નડ્યા સિવાય રહેતી નથી. શ્રમજીવીયો ઘણું કરીને સુખે જીવે છે, તેમનું જીવન ઉપદ્રવ વગરનું હોય છે. આનંદથી નિરપરાધીપણે પોતાનું જીવન વ્યતીત કરે છે.

શ્રમથી જીવનનિર્વાહ કરનારાઓ પોતાના જીવનનિર્વાહ માટે બીજાને ત્યાં નોકરી કરે છે. બીજાના ઘરનું કામ ઘણા પ્રેમથી કરે છે. જેને ત્યાં નોકર હોય છે તે ઘરનાં માણસોને પોતે ચ્હાય છે તેમના ઉપર સ્નેહભાવ રાખે છે. તેમનું સઘળું ય કામ પોતાનું સમજીને કરે છે. તેનો તે ઘર પ્રતિ મમત્વભાવ બંધાઇ જાય છે. તેમના બાળબચ્ચાને રમાડે છે, ખવડાવે છે, ન્હવડાવે છે અને પ્રેમથી પાળે છે. આ બધું શા માટે ? કેવળ આજીવિકાના સ્વાર્થ માટે, જીવનનિર્વાહ માટે. વ્યાપારીયો પોતાના ગ્રાહકોને ચ્હાય છે, તેમનો આદરસત્કાર કરે છે. ઘેર આવ્યા હોય તો તેમને સારી સારી રસોઇ કરી જમાડે છે, તેમના ઉપર સ્નેહભાવ રાખે છે, તેમના દુઃખમાં શોક પ્રગટ કરે છે, તેમના સુખથી આનંદ મનાવે છે. આ બધુ શા માટે? જીવનનિર્વાહનું સાધન પૈસાની પ્રાપ્તિ માટે. આત્મકલ્યાણ માટે જીવનારાઓ જીવનનિર્વાહ માટે જગતને ચ્હાય છે ખરા; પણ તેઓની ચાહનાનો હેતુ પરિમિત જીવનદ્વારા અપરિમિત જીવનને મેળવવાનો હોય છે, માટે તેમની ચાહનાથી અન્યનું અકલ્યાણ થતું નથી. એમની ચાહના ઘણી જ પવિત્ર હોય છે. એમને શરીર ટકાવવા પૂરતી જ જરૂરિયાત હોવાથી કોઇ વખત પણ દીનતા કરતા નથી. મૃત્યુ સમયે વલોપાત પણ કરતા નથી. ફક્ત એમને જીવન-નિર્વાહનો સ્વાર્થ સાચો સ્વાર્થ સાધવા માટે જ હોય છે.

મોજ-શોખ માટેનો સ્વાર્થ ઘણો જ ભયંકર દુઃખદાયી હોય છે. છળ-પ્રપંચ-અસત્ય તથા અનીતિની આ સ્વાર્થ સાધવામાં ઘણી જ જરૂરત પડે છે; તેમજ વિશ્વાસઘાતને તો અગ્રસ્થાન આપવામાં આવે છે. મોજ-શોખનો સ્વાર્થ સાધવાવાળાનો ઉદ્દેશ અધમમાં અધમ કૃત્ય કરીને પૈસો મેળવી આનંદ ભોગ-વવાનો હોય છે. એમને ધર્મ-અધર્મ બધું ય સરખું હોય છે. એઓ પુન્ય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાપને કાંઇ પણ સમજતા નથી. એમના મોજ–શોખમાં કોઇ પણ વસ્તુ વિઘ્ન કરતા હોય તો તેનો નાશ કરવામાં જરા ય સંકોચાતા નથી. માતા, પિતા, પુત્ર, ભગિની જેવાં નિકટ સગાં- સ્નેહી જો મોજ–શોખમાં આડાં આવતાં હોય તો તેમનો પણ ઘાત કરતાં તેમને જરાય દયા આવતી નથી, તો પછી બીજાના માટે તો કહેવું જ શું ? મોજ–શોખના સ્વાર્થીયોના હૃદયમાંથી દયા, દાક્ષિણ્યતા અને લજ્જા આદિ સદ્‌ગુણો પલાયન થઇ ગયેલા હોય છે. બીજાના પ્રતિ દેખાડવામાં આવતા એમના ભાવોમાં કૃત્રિમતા ઠાંસીઠાંસીને ભરેલી હોય છે. એમના અંદર વિષયલોલુપતા પુષ્કળ હોય છે. જીવનનિર્વાહના સ્વાર્થીયો ઉપકારીનો ઉપકાર ભૂલતા નથી; પણ મોજ–શોખના સ્વાર્થીયો તો ઘણા જ ગરજી હોવાથી ગરજ સર્યા પછી ધક્કો મારે છે. જ્યાં સુધી પોતાની ક્ષુદ્ર તૃષ્ણા શાંત કરવામાં વસ્તુ મદદ કરતી હોય ત્યાં સુધી જ તેને ચ્હાય છે, તેની સંભાળ રાખે છે. જ્યાં તે વસ્તુ મદદ કરવામાં અસમર્થ થઇ કે પછી તેની સામને પણ જોતા નથી, માટે જ મોજ–શોખના સ્વાર્થીયો કનિષ્ઠમાં કનિષ્ઠ છે, અને તે અધમકોટીમાં ગણાય છે.

ઉપર કહ્યા પ્રમાણે વિચાર કરતાં સંસારમાં જીવોની સ્વાર્થ માટે જ પ્રવૃત્તિ જણાય છે. તમે પોતાના ઘરેણાં તથા કપડાંને જાળવો છો, તેનું રક્ષણ કરો છો. તે શા માટે ? સ્વાર્થ માટે જ કરો છો. તમે એમ માનેલું હોય છે કે ઘરેણાં શરીરની શોભા વધારે છે, કપડાં શોભા વધારે છે તથા શરીરનું રક્ષણ કરે છે. મકાનમાં રહેવાથી આપણો બચાવ થાય છે, એમ ધારીને મકાનને જાળવો છો. ઘરેણાં, કપડાં તથા મકાન આદિ વસ્તુઓ ઉપર મમત્વભાવ રાખો છો. તેનું કોઇ નુકશાન કરતું હોય તો તેના ઉપર તમે ક્રુદ્ધ થાઓ છો. આ બધું શા માટે ? સ્વાર્થ માટે. સ્વાર્થ હોવાથી જ એ વસ્તુઓ ઉપર મમત્વ રાખો છો.

સંસારમાં સ્વાર્થને છોડીને પ્રેમ કે સ્નેહ જેવી કોઇ વાસ્તવિક વસ્તુ હોય, અને તે નિઃસ્વાર્થપણે થતી હોય તો સંસારના સઘળા ય જડ તથા ચૈતન્ય પદાર્થો ઉપર થવો જોઇયે, પરંતુ એમ તો કોઇપણ સ્થળે જોવાતું નથી. જીવોને જે વસ્તુ અનુકૂળ હોય છે, અને જેનાથી પોતાનો સ્વાર્થ સધાતો હોય છે, તેને જીવો ચ્હાય છે, તેના ઉપર રાગ–સ્નેહ રાખે છે. અને જે વસ્તુ પ્રતિકૂળ હોય, જેનાથી પોતાનો સ્વાર્થ બગડતો હોય, તેને ચ્હાતા નથી તેના ઉપર દ્વેષ રાખે છે; તથા જેનાથી સ્વાર્થ સધાતો ન હોય, તેમ બગડતોય ન હોય તેના પ્રત્યે ઉદાસીન ભાવે રહે છે. અર્થાત્ તેના ઉપર રાગ નથી હોતો, તેમ દ્વેષ પણ નથી હોતો. આ પ્રમાણે રાગભાવ, દ્વેષભાવ અને મધ્યસ્થભાવ ત્રણ પ્રકારના ભાવો સંસારમાં દૃષ્ટિગોચર થાય છે. આ ત્રણે ભાવો કાંઇ આત્માના ધર્મ નથી પણ તે મોહ કર્મજન્ય ઉપાધીસ્વરૂપ છે. મોહ નાશ પામવાથી ત્રણે ભાવો નાશ પામી જાય છે. વિશુદ્ધ આત્મામાં આ ત્રણમાંનો એકે ભાવ હોતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં સુધી મોહકર્મજન્ય ઉપાધિ હોય છે ત્યાં સુધી સ્વાર્થ હોય છે, અને જ્યાં સુધી સ્વાર્થ હોય છે ત્યાં સુધી જ સ્નેહભાવ હોય છે. પરમાર્થરૂપ સ્વાર્થ સંપૂર્ણ કર્મક્ષય થતાં સુધી રહે છે, ત્યારે મિથ્યા-સ્વાર્થ, જ્યાં સુધી મોહકર્મ હોય છે ત્યાં સુધી જ રહે છે. મોહ-કર્મના પ્રભાવથી જીવો અજ્ઞાનતાને લઇને અનુકૂળ-પ્રતિકૂળની ભાવનાઓવાળા હોય છે. અને અનુકૂળને પ્રતિકૂળ સમજે છે, ને પ્રતિકૂળને અનુકૂળ સમજે છે જેથી તેમને રાગ-દ્વેષના આધીન થવું પડે છે. સાચી અનુકૂળતા તથા સાચી પ્રતિકૂળતા સમજ્યા પછી રાગ-દ્વેષ ઓછો થતો જાય છે, અને સ્વાર્થ પરમાર્થના રૂપમાં બદલાઈ જાય છે. સર્વથા રાગદ્વેષ નાશ પામી ગયા પછી પરમાર્થ સિદ્ધ થઇ જાય છે, ને પરમાર્થ સિદ્ધ થયા પછી જીવ પોતે કૃતકૃત્ય થઇ જાય છે.

જ્યાં સુધી જીવને સાચી અનુકૂળતા સમજાતી નથી, ત્યાં સુધી ક્ષણિક સુખ તથા ક્ષણિક આનંદ આપનાર વસ્તુઓને જ અનુકૂળ માને છે. જેમકે-જે માણસથી પોતાને ક્ષણિક સુખની સાધક ધન, ખાન, પાન, વસ્ત્ર, ઘરેણાં, મકાન આદિ વસ્તુઓ પ્રાપ્ત થતી હોય, અથવા પોતાની વિષયતૃપ્તિમાં ઉપયોગી થઈ પડતું હોય તેવું માણસ પોતાને અનુકૂળ લાગવાથી તેના ઉપર સ્નેહ રાખે છે. જેનાથી પોતાને કાંઇ પણ ક્ષણિક આનંદની કે સુખની સામગ્રી ન મળતી હોય, ઉલટું તે મનુષ્ય પોતાના ક્ષણિક આનંદમાં વિઘ્ન કરતા હોય તો તે માણસ તેને પ્રતિકૂળ લાગે છે. તેવી જ રીતે જે જડ વસ્તુ ક્ષણિક આનંદ આપનારી હોઈ તેને અનુકૂળ ગણીને તેના ઉપર રાગ રાખે છે.

આવા પ્રકારની અનુકૂળતા તથા પ્રતિકૂળતા રાગ-દ્વેષની ઉત્પાદક હોય છે, અને તે આત્માનું અશ્રેય કરનારી હોય છે. આવી અનુકૂળતાને લઇને થયેલો રાગ-સ્નેહ તે સ્વાર્થથી જ થયેલો હોય છે, માટેજ સ્નેહ એટલે-સ્વાર્થ, સ્વાર્થ ન હોય તો સ્નેહ જેવી કોઇ વસ્તુ જ નથી. અને એટલા માટે જ આવા સ્નેહમાં પરિવર્તન થયા કરે છે. સ્નેહ અસ્નેહ થઇ જાય છે અને અસ્નેહ, સ્નેહ થઇ જાય છે. જ્યાં સુધી જેનાથી સ્વાર્થ સધાતો હોય ત્યાં સુધી સ્નેહ હોય છે. ને સ્વાર્થ પૂરો થયો એટલે અસ્નેહ થઇ જાય છે. વળી પાછો સ્વાર્થ ઉત્પન્ન થાય છે ત્યારે જે વસ્તુ ઉપર અસ્નેહ હતો તે જ વસ્તુ ઉપર પાછો સ્નેહ થાય છે. સંસારમાં જ્યાં જુઓ ત્યાં સ્વાર્થ જ સ્વાર્થ છે. નિઃસ્વાર્થ પણ એક પ્રકારનો સ્વાર્થ જ છે. પણ તેને સ્વાર્થમાં ગણ્યો નથી. સંસાર સ્વાર્થી છે, એવું કથન મહાપુરુષોનું છે તે સર્વથા સત્ય છે. તેઓએ જડાસકત સંસારના અંગે જ આવા પ્રકારના ઉદ્ગારો કાઢ્યા છે. નહિ તો સંસારમાં આત્માસક્ત પરમાર્થસાધક ઉત્તમ પુરુષો પણ હોય છે, પણ તે ઘણા જ થોડા હોવાથી તે તરફ ધ્યાન આપ્યું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મનું માહાત્મ્ય.

જિનેશ્વર પ્રભુના જન્મસમયે જે કલ્યાણ થાય છે, તેમનો જે અપૂર્વ જન્મોત્સવ થાય છે, ઇંદ્રો તેમની પાસે જે રત્નની વૃષ્ટિ કરે છે, અપૂર્વ રૂપ, સુંદર રાજ્યની શોભા, દેવાતું વરસીદાન, કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી અને ઉત્તમ અતિશયોની પ્રાપ્તિ થાય છે તે ધમનું માહાત્મ્ય છે.

નિરાધાર સ્થિતિએ પહોંચી ગયેલા કુમારપાળ રાજાને અઢાર દેશોની પ્રાપ્તિ, શ્રીપાળ મહારાજને કુષ્ટની શાંતિ, વિક્રમ રાજાને અગ્નિવેતાળ દેવનું વશ થવું, ભરત મહારાજને અસાધારણ ચક્રીપણું, બાહુબલીને અતુલ બળ

---

સંસારમાં મોટો ભાગ જડાસક્ત છે, અને તે પુદ્ગલાનંદિ હોવાથી પોદ્ગલિક સુખને માટે અનેક પ્રકારના ઉપાયો કરે છે. અને તે ઉપાયોમાં સફળતા મેળવવાને માટે પ્રેમ–સ્નેહ જે રાગનાં અંગ છે, તેનો ઉપયોગ કરે છે.

પ્રેમ તથા સ્નેહ શું વસ્તુ છે? આત્માનો ધર્મ તો નથી જ. ત્યારે શું જડનો ધર્મ છે? જડનો ધર્મ પણ સંભવી શકતો નથી; કારણ કે માટી–પથરા આદિ–જડ વસ્તુઓમાં ક્યાંય પણ જણાતો નથી. ત્યારે પ્રેમ શું છે? આત્માની સાથે જડ વસ્તુનો સંયોગ થવાથી આત્મામાં ઉદ્ભવેલી એક પ્રકારની વિકૃતિ છે. તે જડ વસ્તુનો વિયોગ થતાં નાશ પામી જાય છે. એટલે સ્નેહ કોઇ તાત્વિક વસ્તુ નથી, પણ એક પ્રકારની બનાવટ છે. અને જે બનાવટ હોય તે વસ્તુ સાચી હોઇ શકે નહીં. તો જેઓ આવી બનાવટી–ખોટી સ્નેહ જેવી વસ્તુ માટે પોતાના આત્માનું અહિત કરે છે, શ્રેય કરતા નથી તેઓ મોટી ભૂલ કરે છે. અમુક મારો સ્નેહી છે, અમુક મારો પ્રેમી છે આવી આવી ભાવનાઓથી મોહને ઉત્તેજિત કરી મમત્વભાવ વધારે છે અને પોતાનું ભવિષ્ય બગાડે છે, તે મનુષ્યો બુદ્ધિ વગરના જ કહેવાય છે. આ પ્રમાણે બુદ્ધિની વિકળતાને લઇને ઘણી જ મહેનતે અનેક પ્રકારના કષ્ટાનુષ્ઠાન કરીને મેળવેલું ઉત્તમ માનવજીવન ખોઇ નાખે છે અને પરિણામે દુઃખના ભાગી બને છે, માટે બુદ્ધિનો સદ્ઉપયોગ કરીને સંસારની પરિસ્થિતિનો સારી રીતે વિચાર કરો અને જેમ બને તેમ સાચું સુખ તથા સાચો આનંદ મેળવવાને માટે પ્રયત્ન કરો. જ્યાં સુધી તમારી પ્રેમની કે સ્નેહની ભાવના ભૂંસાતી નથી ત્યાં સુધી તમને સાચું સુખ કે સાચો આનંદ મળવાનો નથી, માટે ખોટા સ્નેહથી મુક્ત થઇને આત્મશ્રેય સાધવા ઉદ્યમવાળા થશો કે જેથી કરી નિત્ય સુખ તથા નિત્ય આનંદને પ્રાપ્ત કરીને હમેશાંને માટે પરમ શાંતિ મેળવશો. (સંપૂર્ણ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ, અભયકુમારને અપૂર્વ બુદ્ધિ, શ્રીશાલિભદ્રને અપૂર્વ ઋદ્ધિ તે પણ ધર્મથી જ પ્રાપ્ત થયેલ છે.

ધર્મથી સમુદ્ર, મેઘ, અગ્નિ વગેરે વશ થાય છે. ચક્રી, વાસુદેવ, બળદેવ, અને પ્રતિવાસુદેવને જે જે રત્નો વગેરે ઉત્તમ સંપદા મળે છે તે પણ ધર્મનો પ્રતાપ છે. આરોગ્યતા, સૌભાગ્યપણું, ધનાઢ્યપણું, નાયકપણું, આનંદ અને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ એ પુણ્યશાળી પુરુષોને આ જગતમાં હંમેશા ધર્મથી જ મળેલ છે.

આદિનાથ પ્રભુની પેઠે આરોગ્યપણું, વસુદેવની પેઠે સૌભાગ્યપણું, શાલિભદ્રની પેઠે ધનાઢ્યપણું, કુમારપાળની પેઠે રાજ્યપ્રાપ્તિ, કયવન્ના શેઠની જેમ સૌભાગ્યપણું, ગૌતમસ્વામીની પેઠે લબ્ધિ, અભયકુમારની પેઠે અસાધારણ બુદ્ધિ, બાહુબળજીની પેઠે અતુળ બળ ધર્મથી જ પ્રાપ્ત થાય છે. દર વર્ષે વેપારીઓ આ બધું ચોપડામાં પૂજન કરતી વખતે લખે છે, પણ તે વસ્તુ પ્રાપ્ત થવા માટે ધર્મનું યથાયોગ્ય પાલન થતું હોય તો તે તેને મળ્યા સિવાય રહેતું નથી, પરંતુ જ્યાં વ્યાપારમાં ન્યાયથી–પ્રમાણિકપણાથી દ્રવ્ય ઉપાર્જન કરવારૂપ પ્રવૃત્તિના ઠેકાણા ન હોય (સ્વયં વિચારી લે) ત્યાં ઉપરોક્ત રીતે ધર્મનું ફળ શી રીતે મળી શકે ?

આ જગતમાં મંગળ દ્રવ્ય અને ભાવથી એમ બે પ્રકારે છે. દધિ, દૂર્વા, અક્ષત, ચંદન વગેરે દ્રવ્ય મંગળરૂપ છે, પણ તેથી અધિક ધર્મરૂપ મંગળ છે. વળી દર્પણ, ભદ્રાસન, સ્વસ્તિક, કળશ, મત્સ્ય, પુષ્પમાળા, શ્રીવત્સ તથા નંદાવર્ત્ત નામના અષ્ટમંગળો પણ દ્રવ્ય મંગળરૂપ છે. વળી પુણ્યશાળી પુરુષોને ત્યાં, દેવપૂજા, ગુરુસેવા, વિવાહ આદિ મહોત્સવ, બંદીઓના જય જય શબ્દો વગેરે મંગળો હંમેશા થાય છે, વળી ઘરના દ્વાર પાસે હાથીઓ ઝુલે છે, સોનેરી સાજવાળા ઘોડાઓ હણહણે છે, વીણા, મૃદંગ, શંખ વગેરેના માંગલિક શબ્દો થાય છે તે સર્વ ધર્મનું માહાત્મ્ય છે. સારંગશાહ, સમરશાહ, જગસિંહ શાહ, પેથડશાહ, વસ્તુપાળ, વિમળશાહ, જાવડશાહ, બાહડ મંત્રી, આમ રાજા વગેરેને મળેલ ઋદ્ધિસિદ્ધિ ધર્મનું ફળ જ બતાવે છે. ધર્મ ઘણા પ્રકારે થાય છે. નાગિલાને તજનાર ભવદેવના ભાઇ ભવદત્તની પેઠે લજ્જાથી ધર્મ પણ થાય છે; મેતાર્ય મુનિને હણનાર સોનીની પેઠે ભયથી, વિતર્કથી ચંડરૂદ્રાચાર્યના શિષ્યની પેઠે ધર્મ થાય છે. સ્થુલિભદ્ર પર માત્સર્ય કરનાર સિંહગુફાનિવાસી સાધુની પેઠે માત્સર્યથી ધર્મ પણ થાય છે. અર્હન્નક યતિમાતાની પેઠે અથવા સ્થુલભદ્રના નાના ભાઇ શ્રીયકની પેઠે સ્નેહથી પણ ધર્મ થાય છે. સુહસ્તિ મહારાજે પ્રતિબોધેલા દ્રમકની પેઠે લોભથી, બાહુબલીની પેઠે હઠથી, દશાર્ણભદ્ર રાજાની પેઠે અભિમાનથી પણ ધર્મ થાય છે. અહંકારના સંબંધમાં ગૌતમસ્વામી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "સાંસારિક સુખ."

આ અસાર સંસારમાં રહીને સુખ પ્રાપ્ત કરવા જ્યાં મનુષ્ય પ્રયત્ન જ નથી કરતો ત્યાં શું? વ્યવહારમાં રહીને પરમાર્થને સાધવો જોઇએ. ક્લેશ અને કંકાસ માત્ર અજ્ઞાનથી જ ઉત્પન્ન થાય છે. જો આપણે જ્ઞાન પ્રાપ્ત કરવાને શક્તિમાન છીએ, તો પછી આપણે ક્લેશ કંકાસને બદલે સાંસારિક ખરૂં સુખ પણ પ્રાપ્ત કરવાને સમર્થ છીએ.

---

સિદ્ધસેન દિવાકર, હરિભદ્રસૂરી વગેરેના સંબંધો પણ જાણવા. નમિ વિનમીની પેઠે વિનયથી, બ્રહ્મદત્ત ચક્રીની પેઠે શૃંગારથી, આભીર તથા આર્યરક્ષિત આચાર્યની પેઠે કીર્તિથી પણ ધર્મ થાય છે, કાર્ત્તિક શેઠની પેઠે દુઃખથી પણ ધર્મ થાય છે. ગૌતમસ્વામીએ પ્રતિબોધેલા પંદરશેંહત્રણ તાપસોની પેઠે કૌતુકથી, ઇલાપુત્રની પેઠે વિસ્મયથી, અભયકુમાર તથા આર્દ્રકુમારની પેઠે વ્યવહારથી અને ભરતચક્રી મહારાજા તથા ચંદ્રાવતંસની પેઠે ભાવથી, કીર્તિધર સુકોશિલાદિકની પેઠે કુલાચારથી પણ ધર્મ થાય છે. જંબૂસ્વામી, ધનગિરિ, વજ્રસ્વામી, પ્રસન્નચંદ્ર તથા ચિલાતીપુત્રાદિકની પેઠે વૈરાગ્યથી, ગજસુકુમાળ, કુરગડુ મુનિ, વીર પ્રભુ, પાર્શ્વનાથ પ્રભુ, ખંધક મુનિ આદિકની પેઠે ક્ષમાથી ધર્મ થાય છે. સુદર્શન શ્રેષ્ઠી, મલ્લિપ્રભુ, શ્રીનેમિનાથજી, સ્થુલિભદ્રજી, સીતા, દ્રૌપદી, રાજીમતી આદિકને શિયલથી ધર્મ થાય છે. શ્રેણિક રાજા, નારાયણ, વિક્રમ રાજાદિકને સમ્યક્‌ત્વથી ધર્મ થાય છે. શ્રી હેમચંદ્રાચાર્ય, જીવદેવસૂરિ, કાલિકાચાર્ય, જીનપ્રભસૂરિ, વિષ્ણુકુમાર, યશોદેવસૂરિ, આર્યખપૂટાચાર્ય, બપ્પાભટ્ટીસૂરિ પાદલિપ્તસૂરિ, ધર્મઘોષસૂરિ, માનદેવસૂરિ, માનતુંગસૂરિ, હરિભદ્રસૂરિ આદિકને પ્રભાવિકપણાથી ધર્મ થાય છે. સર્વ પ્રકારે કોઇપણ પ્રકારે કરેલો ધર્મ મહાલાભકારી થાય છે.

સાંભળેલો, દીઠેલો, કરેલો, કરાવેલો અને અનુમોદેલો ધર્મ સાત પેઢી સુધી પવિત્ર કરે છે એમ શાસ્ત્રકાર મહારાજ જણાવે છે.

ઉત્તમ કુળમાં જન્મ, અનેક પ્રકારની વિભૂતિ, પ્રિય સજ્જનોનો સમાગમ, સુખની શ્રેણીઓ, રાજ્યકુળમાં મોટાઇ અને નિર્મળ યશ એ સર્વ ધર્મરૂપી વૃક્ષના ફળ છે, છેવટે મોક્ષપ્રાપ્તિ પણ તેનાથી થાય છે માટે મનુષ્યજન્મમાં તેનું આરાધન કરવું.

સં. આત્મવલ્લભ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી આ જગત મિથ્યા છે, જગતના સર્વેય પદાર્થો નાશવંત છે, વસ્તુ માત્ર પૌદ્‌ગલિક છે. તેથી કોઈ વસ્તુ પ્રાપ્ત થાય તોયે શું ? અને ના પ્રાપ્ત થાયે તો શું ? તેનો હર્ષ કે શોક એ અજ્ઞાન જ ગણી શકાય. ખરો આનંદ તો જ્યારે હૃદયમાં સાચી શાન્તિ પ્રગટ થાય છે, ત્યારે જ ખરો આનંદ–સુખ પ્રાપ્ત થયું ગણાય છે. જ્યારે આપણે આપણા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ ત્યારે જ આપણને ખરા આનંદનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી અંતરની શાન્તિ પ્રાપ્ત થતી નથી, ત્યાં સુધી જે ખરો આનંદ છે, તેનું જ્ઞાન થતું નથી.

મનુષ્યે વ્યવહારમાં જ રહીને પોતાને જે કાર્ય કરવાનું છે, તે કાર્ય અવશ્ય કરવું જ જોઇએ. તે કાર્ય પોતાનું જ છે, એમ સમજવાની આવશ્યકતા હોવી જોઇએ. પાણી માત્ર પોતાના આત્માવત્‌ છે, એવો જ્યારે આપણને ખ્યાલ આવે છે, ત્યારે જે આત્માનો પ્રેમ સર્વ પ્રાણી માત્ર પ્રતિ દર્શાવાય છે એને ત્યારે જ ખરો આનંદ પ્રાપ્ત થયો માની શકાય.

ઉપરોક્ત જ્ઞાન મનુષ્યને પ્રાપ્ત થયા બાદ સર્વે મનુષ્યનો જગતનો મિથ્યા મોહ, મારૂં–તારૂં એવો અહંકાર નાશ પામે છે. કોઇ વસ્તુ પ્રાપ્ત થાય તો તે વસ્તુ પોતાની છે, એવો મિથ્યા મોહ રહેતો નથી, તેમજ એક વસ્તુનું અસ્તિત્વ થતાં તે વસ્તુ પોતાની ન હતી; તો પછી તેનો શોક શા માટે કરવો ? એ પ્રમાણે આપણો આત્મા માને તો જ દુઃખ થતું નથી. દુઃખ માત્ર મમત્વમાં જર હેલું છે.

આપણે જે કાર્ય કરીએ છીએ તે સુખ તેમજ દુઃખ બન્નેને અર્પનારાં છે. પ્રથમ મનુષ્ય પોતાની વર્તણુક ન સુધારી શકે ત્યાં સુધી પોતે આગળ ન જ ધપી શકે ! આચારવિચાર સુધરે તે માટે સદા ઉંચ્ચ વિચારોનું સેવન કરવાની આવશ્યક્તા ગણાય જ. વ્યવહારમાં પણ આપણને તેમજ અન્ય જનોને આનંદ મળે તે જ પ્રમાણે વર્તન ચલાવવું જોઇએ. જ્યાં સુધી આપણામાં પરમાત્માના અંશો ઉતરી શકતાં નથી, ત્યાં સુધી મનુષ્યોમાં સદ્‌વર્તનનાં વિચારો આવતાં નથી. આપણે જે કાર્ય કરીએ છીએ, કરવાના છીએ. તે કાર્ય ઉપર બહુ જ મંથન કરી, ત્યારપછી તે કાર્યનો અમલ કરવો જોઇએ; જેથી અન્યને તે કાર્ય અઘટિત ન લાગતાં સુખમય નિવડે, અને આપણને સુખ તથા આનંદ પ્રાપ્ત થાય ! ! !

જે કાર્ય આપણે કરીએ તેનું ફળ આપણે જ ભોગવવાનું છે. તેનું પરિણામ સુખી કે દુઃખી ( ? ) આવશે તે આપણે તે કાર્ય કરતાં, પ્રથમથી જ મંથન કરવું જોઇએ. મનુષ્ય જગતમાં દ્રવ્ય પ્રાપ્ત કરવાં માટે જન્મ પામ્યાં નથી, પરંતુ બીજાં અનેક કર્તવ્યો કરવા માટે જન્મ લેવાની તેમને ફરજ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે જન્મને પ્રાપ્ત થયાં, વિદ્યાભ્યાસ કર્યો– અને જિંદગીમાં ધન પ્રાપ્ત કરવું છે, એવો ખોટો નિશ્ચય કરીએ તો આપણને શું પુરુષાર્થ પ્રાપ્ત થવાનો છે ? જેવું આપણે સારૂં–નરસું કાર્ય કરીએ તેવાં જ તેના બીજો ઊગે છે, માટે જેવું કાર્ય કરીએ તેવું જ ફળ પામીએ છીએ.

આ મનુષ્ય ભવ–જન્મ છે ત્યાં સુધી દ્રવ્ય પ્રાપ્ત કરી સુખ કદાચ અનુભવીએ, પરંતુ ખરૂં કર્તવ્ય, કે જે, આપણા આત્માને ઓળખવાનું છે, તે જો ન સાધ્યું તો આ જગતમાં જીવ્યા કે ન જીવ્યા બન્ને સમાન છે. મનુષ્યે સારૂં કર્તવ્ય તો પોતાના આત્માને ઓળખવાનું છે, એમ સમજી દરેક કાર્ય કરવું જોઇએ. પોતાના સ્વરૂપને ઓળખી, આ શરીર તે સ્વરૂપવડે જ સાર્થક બનશે એમ ધારી, સર્વે–લોકોએ પોતાનું ખરૂં સ્વરૂપ જાણવાની આવશ્યકતા છે. જેમ એક નૌકા સમુદ્રમાં તરવાની છે, તેમ મનુષ્ય ભવને સંસારરૂપી મહાસાગરમાં તારવાનું છે. તેનો ઉપયોગ સંસારમાં રહીને દ્રવ્ય પ્રાપ્ત કરવા, વૈભવ ભોગવવા અને સંસારમાં રચ્યા–પચ્યા રહેવા માટે નથી, પરંતુ આપણા ખરા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી, સંસારરૂપી મહાસાગરમાંથી તરી જવાનું છે. જો આપણે તે કર્તવ્ય કરવામાં મનુષ્ય–શરીરનો ઉપયોગ કરીએ, તો એ ઉપયોગ કર્યો ય સાર્થક–અને–જીવ્યા ય સાર્થક ગણી શકાય.

આજે સંસારમાં જ્યાં જોઇશું ત્યાં ઘણા મનુષ્યો દ્રવ્ય પ્રાપ્ત કરવામાં જ મોટા ભાગે પોતાના સમયનો વ્યય કરી રહ્યા છે, અને જેમાં કે ભય, દુઃખ અને કલેશ જ રહેલો હોય છે. ઘણા યે કુટુંબમાં ભાઈ–ભાઇ, પતિ–પત્ની, સાસુ–વહુ તેમજ આડોશી–પાડોશી પોતાના અજ્ઞાનથી અન્યોઅન્ય ઝઘડા કરવા તૈયાર થાય છે. માત્ર અજ્ઞાન અને આત્માને ન પિછાનવાથી ખરૂં સુખ તથા આનંદ મેળવી શકાતો નથી.

આ સર્વેનું મૂળ અજ્ઞાન જ છે. જયારે પ્રાણી માત્રમાં અપેક્ષા એ ઇશ્વરી–અંશ છે, તો બીજાના દોષો જોવાનું ભૂલી જવું જોઇએ, અન્ય ઉપરનાં દ્વેષો ભૂલી જઇ સર્વ ઉપર પ્રેમ રાખવો જોઇએ. પ્રેમ અને પરમાત્મા, એ સુખ તથા આનંદના જ મૂળ ચિહ્નો છે.

પ્રેમથી સર્વ કોઈ વશ થઇ શકે છે. આપણે જયારે અન્ય પ્રતિ પ્રેમ દર્શાવીએ, તો અન્ય આપણા પ્રતિ પ્રેમ અવશ્ય દર્શાવ્યા સિવાય રહે જ નહિ. પ્રેમવડે સર્વે કોઇ દુશ્મન પણ વશ થાય છે.

ઉપરોક્ત પ્રેમ દરેક મનુષ્યો કેળવી અને ધારણ કરે તો પછી દુઃખ એવો શબ્દ રહેતો જ નથી. જેવું અન્ય પ્રતિ સારૂં–નરસું વર્તન, તેવું જ અન્યનું

For Private And Personal Use Only

# પાંચ જ્ઞાનનું સ્વરૂપ.

સંજ્ઞિશ્રુતના ત્રણ પેટા ભેદ–ત્રણ સંજ્ઞાઓ–દીર્ઘકાલિકી

## કેમ કરવું ? કેમ થાશે ? ૯૦

અતીત—અનાગત કાળનું ચિંતવન. ૨ હેતૂપદેશિકી–તાત્કાલિક ઇષ્ટ અનિષ્ટ વસ્તુ જાણીને પ્રવૃત્તિ–નિવૃત્તિ થાય તે. ૩ ક્ષાયોપશમિક જ્ઞાને કરી સમ્યગ્દૃષ્ટિપણું હોય તે ત્રીજી દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા. વિકળેંદ્રિયને હેતૂપદેશિકી છે અને સંજ્ઞી પંચેંદ્રિયને દીર્ઘકાલિકી છે, તેથી સર્વ આગમમાંહે દીર્ઘકાલિકી એ સંજ્ઞીપણું કહેવાય. તેને લગતું શ્રુત તે સંજ્ઞીશ્રુત. મન રહિતનું શ્રુત તે અસંજ્ઞીશ્રુત. સમ્યગ્દૃષ્ટિપ્રણીત તથા મિથ્યાદૃષ્ટિપ્રણીત પણ સમ્યગ્દૃષ્ટિ પાસે આવ્યું તે સમ્યક્શ્રુત, કેમકે તેને યથાસ્થિત ભાવનો બોધ થાય છે. તેથી ઊલટું તે મિથ્યાદૃષ્ટિને હાથ આવેલું હોય તો મિથ્યાશ્રુત દ્રવ્યથકી એક પુરૂષ આશ્રયી ને સાદિસપર્યવસિત ને ઘણા પુરૂષ આશ્રયી અનાદિ અપર્યવસિત; ક્ષેત્રથકી ભરત, ઐરવત આશ્રયી સાદિસપર્યવસિત અને આશ્રયી મહાવિદેહ આશ્રયી અનાદિઅપર્યવસિત; કાળથકી ઉત્સર્પિણી અવસર્પિણી સાદિસપર્યવસિત અને નોઉત્સર્પિણી–નોઅવસર્પિણી આશ્રયી અનાદિ અપર્ય-

---

આપણા પ્રતિ સારૂં–નરસું વર્તન અવશ્ય છે. આપણે સારાં થવું છે, પરંતુ અન્યને તેવી જ રીતે ચાહવું નથી, તો પછી એ કેવી રીતે બની શકે ?

આ સંસારમાં જ રહીને મનુષ્યો પોતાનાં કર્તવ્યો ઉત્તમપણે આચરે, પ્રાણીમાત્ર પ્રતિ પ્રેમ દર્શાવે, સત્યથી પોતાનું આચરણ સેવે, અને તેનો પાયો મજબૂત કરે તો તેમને માટે આનંદ તથા સુખ પૂરેપૂરું પ્રાપ્ત કરવાને જરાપણ કષ્ટ નથી.

આપણે પણ જો સંસારિક સુખ તથા આનંદ પ્રાપ્ત કરવાની અભિલાષા સેવતાં હોઇએ તો સદા માટે પરમકૃપાળુ પરમાત્માના ગુણો આપણે ધારણ કરવા જોઈએ.

સર્વદા આપણા આચરણનો પાયો મજબૂત બનાવવો જોઇએ, કે જે આગળ ઉપર ડગમગી ના શકે.

સદા સત્ય નીતિનું વર્તન એ જ ખરાં સુખ તથા આનંદ ભોગવવાનું સાધન તમને પ્રાપ્ત થશે જ !!!

**છોટમ અ. ત્રિવેદી.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસિત; ભાવથકી ભવસિદ્ધિયા આશ્રયી સાદિસપર્યવસિત અને અભવસિદ્ધિયા આશ્રયી ક્ષાયોપશમિક ભાવે અનાદિઅપર્યવસિત છે. ગમા કહેતાં સરખા પાઠ જ્યાં હોય તે ગમિકશ્રુત (દૃષ્ટિવાદગત). અગમિક તે અણુસરખા અક્ષર આળાવા જ્યાં હોય તે અગમિકશ્રુત ( કાલિકશ્રુતગતં ). અંગપ્રવિષ્ટ તે દ્વાદશાંગી અંગબાહ્ય તે શ્રી આવશ્યકાદિક. આ સિવાય વીશ ભેદની ગણત્રી 'બ્રહત્કર્મપ્રકૃતિ'થી જાણવી. એ શ્રુતજ્ઞાની દ્રવ્યથી ઉપયોગવંત થકો સર્વ દ્રવ્ય જાણે-દેખે, ક્ષેત્રથી સર્વ ક્ષેત્ર-લોકાલોક જાણે-દેખે, કાળથકી સર્વ કાળ જાણે-દેખે, ભાવથકી સર્વ ભાવ જાણે-દેખે. તેથી જ સંપૂર્ણ શ્રુતજ્ઞાની તે કેવલી સરખો કહેવાય. શ્રુતકેવલિ કહેવાય છે તે આવા જ્ઞાતાને દ્વાદશ અંગના નામો આ પ્રમાણે—

૧ આચારાંગ, ૨ સુયગડાંગ, ૩ ઠાણાંગ, ૪ સમવાયાંગ, ૫ ભગવતીસૂત્ર, ૬ જ્ઞાતાધર્મ કથા, ૭ ઉપાસગદશા, ૮ અંતગડદશા, ૯ અનુત્તરોવવાઇ, ૧૦ પ્રશ્નવ્યાકરણ, ૧૧ વિપાકસૂત્ર, ૧૨ દૃષ્ટિવાદ, એનો સમુહ તે દ્વાદશાંગી. પ્રથમના અગિયાર અંગોમાં પદોની સંખ્યા અનુક્રમે બમણી બમણી છે. બારમું દૃષ્ટિવાદ હાલ વિચ્છેદ ગયું છે. તેના ( ૧ ) પરિકર્મ ( ૨ ) સૂત્ર ( ૩ ) પૂર્વાનુયોગ ( ૪ ) પૂર્વગત અને ( ૫ ) ચૂલિકા. એમ પાંચ પ્રકાર છે. તે મધ્યે ચૌદ પૂર્વનું જ્ઞાન તે પૂર્વગત શ્રુત જાણવું. તેના નામ ને પદસંખ્યા આ પ્રમાણેઃ—

૧ ઉત્પાદ પૂર્વ એક ક્રોડ પદ, ૨ અગ્રાયણી પૂર્વ ૯૬ લાખ, ૩ વીર્યપ્રવાદ પૂર્વ ૭૦ લાખ, ૪ અસ્તિપ્રવાદ ૬૦ લાખ, ૫ જ્ઞાનપ્રવાદ એક ન્યૂન એક ક્રોડ, ૬ સત્યપ્રવાદ એક ક્રોડ ને છ, ૭ આત્મપ્રવાદ ૨૬ ક્રોડ, ૮ કર્મપ્રવાદ એક ક્રોડ ને ૮૦ લાખ, ૯ પ્રત્યાખ્યાન ૮૪ લાખ, ૧૦ વિદ્યાપ્રવાદ એક ક્રોડ દશ હજાર, ૧૧ કલ્યાણ ૨૬ ક્રોડ, ૧૨ પ્રાણાયુ ૫૬ લાખ ક્રોડ, ૧૩ ક્રિયાવિશાળ ૯ ક્રોડ ને ચોદ. ૧૪ શ્રી લોકબિંદુસાર સાડાબાર લાખ.

પ્રાયઃ '૫૧૦૮૮૬૮૪૦' શ્લોકનું એક પદ થાય છે. ચૌદ પૂર્વના અર્થનો વિસ્તાર ઘણો જ છે. એક હાથીપ્રમાણ કાજળના ઢગલાની શાહીથી લખી શકાય તેટલો પહેલા પૂર્વનો અર્થ છે. તેથી બમણો બમણો વિસ્તાર અનુક્રમે ચૌદ પૂર્વનો છે. હાથીનું પ્રમાણ સમજણમાં ઉતારવા સારૂ બતાવેલ છે. નથી તો કોઇએ લખ્યું કે નથી તો કોઇ એટલી શાહી એકઠી કરી લખવાનું. એ માત્ર સ્મૃતિનો વિષય છે. ઉચ્ચ કોટિના જ્ઞાનીઓની સ્મરણશક્તિ એવી તેજ હોય છે.

**અવધિજ્ઞાન** છ પ્રકારે-૧ અનુગામિ-જે સ્થાને રહ્યાં તે ઉપજ્યું હોય તે થકી અન્યત્ર જતાં લોચનની માફક સાથે આવે તે. ૨ અનાનુગામી-સ્થાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોડતાં શૃંખલાબદ્ધ દીપકની પેરે સાથે ન આવી શકે. ક્ષેત્રપ્રત્યયી ક્ષયોપશમને લીધે. ૩ વર્ધમાન—ઘણા કાષ્ઠના ફેંકવાથી જેમ અગ્નિ વૃદ્ધિ પામે તેમ પ્રશસ્ત અને પ્રશસ્તતર અધ્યવસાયથકી સમયે સમયે અવધિજ્ઞાન વધે. પ્રથમ ઉપજતાં અંગુલને અસંખ્યાતો ભાગે ક્ષેત્ર જાણે દેખે, પછી વધતું વધતું યાવત્ અલોકને વિષે લોક જેવડાં અસંખ્યાતાં ખડક દેખે તે. ૪ હીયમાન—પૂર્વે શુભ પરિણામવશે ઘણું ઉપજે પણ પછી તથાવિધ સામગ્રીના અભાવે પડતે પરિણામે કરીને ઘટતું જાય તે. ૫ પ્રતિપાતી—જે સંખ્યાતાં અસંખ્યાતાં યોજન ઉત્કૃષ્ટપણે યાવત્ સમગ્ર લોક દેખીને પણ પડે અર્થાત આવ્યું જાતું રહે તે. ૬ અપ્રતિપાતિ—જે સમગ્ર લોકને દેખીને અલોકનો એક પ્રદેશ દેખે અર્થાત્ આવ્યું ન જાય તે. હીયમાન તે હળવે હળવે ઘટતું જાય જયારે પ્રતિપાતિ સમકાળે સામટું જાય. અવધિજ્ઞાની દ્રવ્યથી જઘન્યપણે અનંતારૂપી દ્રવ્ય જાણે દેખે, ઉત્કૃષ્ટપણે સર્વરૂપી દ્રવ્ય જાણે દેખે; ક્ષેત્રથકી જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે દેખે, ઉત્કૃષ્ટપણે અલોકને વિષે લોક જેવડાં અસંખ્યાત ખંડુક જાણે દેખે, કાળથકી જઘન્યપણે આવલિકાનો અસંખ્યાતમો ભાગ જાણે દેખે, ઉત્કૃષ્ટતાયે અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી લગી અતિત અનાગત કાળ જાણે દેખે, ભાવથકી અવધિજ્ઞાની જઘન્યથી અનંતા ભવ જાણે દેખે, ઉત્કૃષ્ટપણે પણ અનંતા ભવ જાણે દેખે. એટલે સર્વ ભાવનો અનંતમો ભાગ જાણે દેખે. વિભંગજ્ઞાન પણ અવધિજ્ઞાનનો જ પ્રકાર છે પણ મિથ્યાત્વીને હોવાથી તેનુ નામ વિભંગજ્ઞાન. વળી તે મલીન હોવાથી ભાવથી અવળું સવળું જાણે દેખે. અવધિજ્ઞાન થવાના બે રસ્તા છે: દેવ તથા નારકીને ભવ પ્રત્યયિકપણાથી અર્થાત્ તે તે ગતિમાં ઉપજવાથી; જયારે મનુષ્ય તથા તિર્યંચને ગુણ પ્રત્યયિકપણાથી.

**મનઃપર્યવ** જ્ઞાન—અઢીદ્વીપમાં જે સંજ્ઞી પંચેંદ્રિય જીવના મનોગત ભાવ જાણવાનું સાધન તે. તેના બે ભેદ. (૧) ઋજુમતિ—ઓછું યાને અસ્પષ્ટ જાણવાનું તેમજ પાછા જવાના સ્વભાવ—વાળુ જ્ઞાન. (૨) વિપુળમતિ—વિશેષ પ્રકારે શુદ્ધ જાણવાના તેમજ પાછું નહીં જવાના સ્વભાવવાળું જ્ઞાન. ઉદાહરણ— ' અમુકે ઘડો ચિંતવ્યો છે ' એવો સામાન્યપણે મનનો અધ્યવસાય ગ્રહે તે ઋજુમતિ; જયારે ' અમુકે ઘડો ચિંતવ્યો છે, તે દ્રવ્યથી સુવર્ણનો, સુકુમાળ, વળી ક્ષેત્રથી પાટલીપુત્રનો ઇત્યાદિ વિશેષ-ગ્રાહી તે વિપુળમતિ. ઋજુમતિ મનઃપર્યવજ્ઞાની દ્રવ્યથી અનંતાઅનંત પ્રદેશી સ્કંધ જાણે દેખે.—વિપુળમતિ તેહી જ સ્કંધ અધિકેરાને વિશુદ્ધપણે જાણે દેખે—(૧) ક્ષેત્રથકી ઋજુમતિ હેઠે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રત્નપ્રભાના ક્ષુલ્લક પ્રતર લગે-ઊંચું જ્યોતિષના ઉપરતળા લગે-તિરછું અઢીદ્વીપમાંહે એટલે અઢીદ્વીપ તથા બે સમુદ્રમાં આવેલ કર્મ-અકર્મભૂમિઓના અને અંતર્દ્વીપના સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તા જીવોના મનોભાવ જાણે દેખે જ્યારે વિપુળમતિ તેહી જ ક્ષેત્ર અઢી અંગુલ બે અધિકને વળી વિશુદ્ધ જાણે દેખે. ( ૨ ) કાળથકી ઋજુમતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જઘન્યથી, અને ઉત્કૃષ્ટો અતિત અનાગત કાળ જાણે દેખે, અને વિપુલમતિ તેહી જ અધિકેરો ને વિશુદ્ધતર જાણે દેખે. ( ૩ ) ભાવથકી ઋજુમતિ અનંતા ભાવ જાણે દેખે-સર્વ ભાવનો અનંતમો ભાગ જાણે દેખે જ્યારે વિપુળમતિ તેહિ જ અધિકેરો ને વિશુદ્ધતર જાણે દેખે. ( ૪ ) અવધિજ્ઞાન

મનઃપર્યવજ્ઞાનમાં તફાવત ( ૧ ) અવધિ કરતાં મનઃપર્યવ વિશુદ્ધ વધારે. ( ૨ ) ઉભયની ક્ષેત્રમર્યાદા જુદી જુદી છે. (૩) અવધિ ચારે ગતિના જીવોને થાય છે જ્યારે મનઃપર્યવ તો મનુષ્ય સંયતને ( સાધુને જ ) થાય છે. ( ૪ ) અવધિ રૂપી દ્રવ્યો અને તેના કેટલાક પર્યાયોને જાણે ત્યારે મનઃપર્યવ અવધિવડે જણાતા રૂપી દ્રવ્યના અનંતમે ભાગે ( મનુષ્ય ક્ષેત્રમાં મનપણે પરિણમેલા મનોદ્રવ્યને) જાણે.

**કેવળજ્ઞાન**-એમાં બીજો પ્રકાર જ નથી. સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ સમકાળે સામટું ગ્રહે જાણે દેખે તે માટે સર્વને સરખું હોય. કેવળ એટલે જ શુદ્ધ. તેના આવરણનો નાશ થવાથી અથવા પ્રથમથી-જ તેના સર્વ આવરણો નષ્ટ થવાથી તે પૂર્ણ સ્વરૂપે ઉપજે છે. કેવળ એટલે અસાધારણ-તેના સમાન બીજું નહિ એવું. વળી લોકાલોકને વિષે વ્યાપ્ત થવામાં તેને વ્યાઘાતનો અભાવ છે તેથી નિર્વ્યાઘાત અર્થાત્ કેવળ મતિ આદિ ચાર જ્ઞાન રહિત માટે કેવળ એટલે એક જ. જેમ સૂર્યોદયે ચંદ્રાદિકનો પ્રકાશ અંતર્ભૂત થાય છે તેમ કેવળ-જ્ઞાનાવરણ ટળે, કેવળ ઉપન્યે મત્યાદિક સર્વ જ્ઞાનનો પ્રકાશ તેમાં સમાઇ જાય છે. ચાર જ્ઞાનનો ઉપયોગ એક સાથે થતો નથી પણ ક્રમે થાય છે જ્યારે કેવળજ્ઞાન-દર્શનનો સમયાંતર ઉપયોગ એક સાથે હોય છે. કેવળજ્ઞાની દ્રવ્યથકી રૂપી અરૂપી સવ દ્રવ્ય જાણે-દેખે, ક્ષેત્રથકી લોકાલોકના સર્વ ક્ષેત્ર જાણે-દેખે, કાળથકી સર્વ અતિત-અનાગતને વર્તમાનકાળ સમકાળે જાણે-દેખે, ભાવથકી સર્વ જીવ-અજીવના સર્વભાવ જાણે-દેખે અર્થાત સંપૂર્ણ વસ્તુઓનું જ્ઞાન હસ્તામલકવત્ હોય. આ રીતે જ્ઞાનનું સ્વરૂપ વિચાર્યું. ચક્ષુ પર બંધાતા પાટાની માફક એ જ્ઞાનોનું જે આચ્છાદન કરે તે જ્ઞાનાવરણ કર્મ. જ્ઞાનના પાંચ પ્રકાર હોવાથી તેના આવરણના પણ પાંચ પ્રકાર.

—( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાંચ સકાર.

અનુ. અભ્યાસી બી. એ.

( ગયે વર્ષે ' આત્માનંદ પ્રકાશ ' માં **પાંચ સકાર** એ મથાળા હેઠળ એક લેખમાળા પ્રકાશિત થઇ હતી. તેમાં સહિષ્ણુતા, સેવા, સન્માનદાન, સ્વાર્થ-ત્યાગ અને સમતા એ પાંચ સકારોની ચર્ચા કરવામાં આવી હતી. આ લેખ-માળામાં સત્સંગ, સદાચાર, સંતોષ, સરલતા અને સત્ય પર અનુક્રમે વિચાર કરવામાં આવશે. )

## સત્સંગ.

वस्त्राण्यापस्तिलान् भूमिं गन्धो वात्सयते यथा ।
पुष्पाणामधिवासेन तथा संसर्गजा गुणाः ॥
मोहजालस्य योनिर्हि मूढैरेव समागमः ।
अहन्यहवि धर्मस्य योनिः साधुसमागमः ॥
तस्मात् प्राज्ञैश्च वृद्धैश्च सुस्वभावैस्तपस्विभिः ।
सद्भिश्च सह संसर्गः कार्यः शमपरायणैः ॥

અર્થાત્ જેવી રીતે ફુલોના સંસર્ગથી તેની ગન્ધ, વસ્ત્ર, જળ, તેલ તેમજ ભૂમિને સુવાસિત કરી મૂકે છે તેવી જ રીતે સંસર્ગથી થનાર ગુણ પણ પોતાની અસર કરે છે. વિષયાસક્ત મૂઢ પુરૂષોનો સમાગમ મોહજાળની ઉત્પત્તિનું કારણ છે અને હંમેશાં સાધુમહાત્માઓનો સમાગમ કરવો એ ધર્મની ઉત્પત્તિનો હેતુ છે. એટલા માટે જ્ઞાની મહાત્માઓ, અનુભવી વૃદ્ધો, ઉત્તમ સ્વભાવના તપસ્વીઓ અને પરમ શાન્તિ આપનાર સત્પુરૂષોનો જ સંસર્ગ રાખવો જોઇએ.

## કુસંગ.

મનુષ્યના ઉત્થાન તથા પતનના જેટલા કારણો છે તેમાં સોબત પ્રધાન કારણ છે. સોબત પ્રમાણે મનુષ્યનું મન બને છે અને મન પ્રમાણે જ મનુષ્ય ક્રિયા કરે છે અને ક્રિયા પ્રમાણે જ તેનું ફળ મળે છે. સારા હૃદયનો મનુષ્ય પણ નીચ સોબતથી નીચ મનવાળો બનીને પડે છે અને અસદાચારી મનુષ્ય પણ ઉત્તમ સંગ પામીને અસદાચારથી છૂટીને મહાત્મા બની જાય છે. પરંતુ એટલું યાદ રાખવું જોઇએ કે ખરાબ સોબતની અસર સાધારણ મનુષ્યો પર જેટલી વધારે અને જલ્દીથી થાય છે તેટલી ઝડપથી અને તેટલી માત્રામાં ઉત્તમ સોબતની અસર નથી થતી, કારણ એ છે કે મનુષ્યની પ્રકૃતિ કુદરતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે જ અધોગામિની છે, તેથી જેવી રીતે જળ સ્વભાવથી જ નીચે વહે છે તેવી રીતે પ્રકૃતિના ગુણોમાં સ્થિત થયેલો પુરૂષ પણ કુદરતી રીતે જ પતનની તરફ જાય છે. એમાં જો કુસંગની સહાયતા મળી જાય છે તો જેવી રીતે ઉપરથી પડતો મનુષ્ય ધક્કો લાગતાં ખૂબ શીઘ્રતાથી નીચે પડી જાય છે તેવી રીતે કુસંગના ધક્કાથી મનુષ્યનું પતન ખૂબ ઝડપથી થાય છે. વિષયોની આસક્તિ, જન્મજન્માંતરના દૂષિત સંસ્કાર, વાતાવરણનો પ્રભાવ વગેરે એવા કેટલાય કારણો છે કે જે ઉત્થાનના માર્ગમાં હંમેશાં અડચણ કરે છે એથી સારી સોબતની અસર સાધારણ મનુષ્યો ઉપર ધીમે ધીમે અને ઓછા પ્રમાણમાં થાય છે. પતન તો નિર્બલતામાં, અંધારામાં, અથવા અનાયાસ થઇ જાય છે, પરંતુ ઉત્થાનમાં બળની, પ્રકાશની અને પ્રયાસની આવશ્યકતા રહે છે. પતન ધ્વંસ છે, ઉત્થાન નિર્માણ છે. એટલું તો સૌ જાણે છે કે ધ્વંસ સહજ છે, પરંતુ નિર્માણ અત્યંત કઠિન છે. ધ્વંસમાં જરા જેટલી મદદ પણ ખૂબ કામ કરે છે, પરંતુ નિર્માણમાં મોટી સહાયતાની જરૂર પડે છે. તેથી એટલું કબૂલ કરવું પડે છે કે સાધારણ મનુષ્ય ઉપર કુસંગની અસર ખૂબ શીઘ્રતાથી થાય છે અને સત્સંગની ધીરે ધીરે થાય છે; તેથી કુસંગનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

કુસંગથી માત્ર ખરાબ આચરણ અને ખરાબ ભાવવાળા મનુષ્યોનો સંગ જ નહિ સમજવો જોઇએ. ઇન્દ્રિયોનો અને મનનો કોઇપણ વિષય જે આપણા અંતઃકરણમાં દુષ્ટ ભાવ, દુષ્ટ વિચાર અને વિષયો તરફ આસક્તિ ઉત્પન્ન કરીને ભગવાનના પવિત્ર માર્ગમાં અડચણ કરનાર નિવડે તેને કુસંગ સમજવો જોઇએ. સ્થાન, અન્ન, જળ, પરિવાર, આડોશીપાડોશી, દૃશ્ય, સાહિત્ય, આલોચના, આજીવિકાનું કાર્ય અને ઉપાસના પદ્ધતિ એ દશ વસ્તુઓ એવી છે કે જે સારી હોય તો આપણા અંતઃકરણને સારૂં તેમજ ઊંચું બનાવી શકે છે અને ખરાબ હોય તો આપણને ખરાબ બનાવીને પાડી શકે છે. એટલા માટે જે વસ્તુથી જરા પણ પતનની સંભાવના હોય એવી કોઇપણ ચેતન કે જડ વસ્તુને બની શકે ત્યાં સુધી જોવી નહિ, એવી કોઇ વાત સાંભળવી નહિ, એવી કોઇ ચર્ચા ન કરવી, એવા વાતાવરણમાં ન રહેવું, એવું કશું અન્ન ન ખાવું, એવું સાહિત્ય ન વાંચવું, એવું કોઇ આજીવિકાનું કાર્ય ન કરવું અને એવી કોઇ ઉપાસના ન જ કરવી. કુસંગની જેમ જેમ અસર થાય છે તેમ તેમ મનુષ્યની બુદ્ધિ એવીજ થવા લાગે છે; એટલે સુધી કે સાત્વિક પુરૂષની બુદ્ધિ કુસંગના પ્રભાવથી રાજસી બનીને સારા નરસા પદાર્થનો નિર્ણય કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસમર્થ થઈ જાય છે. એવી રાજસી બુદ્ધિ પર જ્યારે કુસંગનો વિશેષ પ્રભાવ પડે છે ત્યારે તો તે વિપરીત નિર્ણય કરે છે. એવી વ્યવસ્થામાં મનુષ્ય પહેલા જે વાતને ખરાબ સમજતો હતો તેને સારી સમજવા લાગે છે. પરિણામે તેને પોતાના પતનનો પત્તો નથી લાગતો. ઊલટું એ પતનને જ ઉત્થાન સમજવા લાગે છે અને પછી પ્રયત્નપૂર્વક ખૂબ વેગથી પતનની તરફ આગળ વધ્યે જાય છે.

જો કે વાતાવરણ તેમજ અન્ન જળ વગેરે સંગનો પ્રભાવ ઓછો નથી પડતો, તો પણ તે સૌથી વધારે પ્રભાવ મનુષ્યના સંગનો પડે છે. એટલા માટે સાધારણ તથા મહાત્મા પુરૂષોના સંગને સત્સંગ અને ખરાબ મનુષ્યના સંગને કુસંગ કહેવામાં આવે છે.

એ કુસંગથી શું થાય છે !

( ૧ ) પરચર્ચા, પરનિંદામાં પ્રીતિ થાય છે.

( ૨ ) વિષયાસક્તિ અને ભોગકામના વધે છે.

( ૩ ) કામ, ક્રોધ, લોભ, મદ, મોહ અને મત્સર એ છ આંતરિક શત્રુઓનું બળ વધે છે.

( ૪ ) દંભ, દર્પ, અભિમાન, અસહિષ્ણુતા, અવિવેક, અસત્ય, કાયરતા, નિર્દયતા, હિંસા વગેરે દુર્ભાવ તથા દુર્ગુણોની ઉત્પત્તિ તથા વૃદ્ધિ થાય છે.

( ૫ ) રાગ, દ્વેષ, ઇચ્છા, વાસના તથા અહંકારની વૃદ્ધિ થવાથી અજ્ઞાનનો પડદો વધારે મજબૂત થાય છે.

( ૬ ) જુદા જુદા દુરાચાર તથા પાપ વધે છે જેના ફલસ્વરૂપ દુઃખ, દરિદ્રતા, આધિ, વ્યાધિ, નિન્દા, અપમાન, વિષાદ, શોક તથા વારંવાર જન્મમરણની પ્રાપ્તિ થાય છે અને ભીષણ નરકયાતનાઓ ભોગવવી પડે છે.

શ્રીમદ્ ભાગવતમાં શ્રી કપિલદેવ કહે છે કેઃ—

જે મનુષ્ય નીચ પુરૂષોની સોબત કરીને તેની જેવું વર્તન કરવા લાગે છે, તે તેઓની માફક અંધકારમય નરકમાં જાય છે, કેમકે કુસંગથી સત્ય, પવિત્રતા, દયા, ચિત્તની મનનશીલતા, બુદ્ધિ, લક્ષ્મી, આબરૂ, ક્ષમા, ઇંદ્રિયસંયમ અને ઐશ્વર્ય વિગેરે સર્વ ગુણોનો નાશ થાય છે એટલા માટે એવા અશાંત ચિત્ત, મૂર્ખ, ખંડિત બુદ્ધિવાળા, અસાધુ, દુષ્ટ અને સ્ત્રીઓને વશ બનેલા મનુષ્યોનો સંગ કદી પણ ન કરવો જોઇએ. બધા પ્રકારના કુસંગોમાં સ્ત્રીઓનો સંગ વિશેષ હાનિકારક છે. એટલા માટે ગીતાજીમાં કહ્યું છે કેઃ—

બીજાનાં સંગથી એટલા બધા મોહ અને બંધન નથી થતા જેટલા યુવતી સ્ત્રીઓનાં સંગથી તથા તેના સંગીઓના સંગથી થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનની સેવાથી જેઓને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઇ છે અને જેઓ યોગની અવસ્થા પર આરૂઢ થવા માગે છે તેઓએ યુવતી સ્ત્રીઓનો સંગ કદાપિ નહિં કરવો જોઇએ. મુમુક્ષુ પુરુષો માટે તો સ્ત્રી એ નરકનું દ્વાર છે. એવી જ રીતે સ્ત્રીઓને માટે પુરૂષોનો સંગ હાનિકારક છે. સ્ત્રી પુરુષોના સાથે પરસ્પર આકર્ષણ થાય છે, તેનાથી ચિત્તવૃત્તિઓ દૂષિત બને છે અને પછી બન્ને આચરણભ્રષ્ટ થઇ જાય છે

વાત એમ છે કે જે કાંઇ વસ્તુથી ચિત્તનું આકર્ષણ ભોગોની તરફ થાય છે તે જ વસ્તુ કુસંગ છે. એટલા માટે શાસ્ત્રકારોએ વિષય સંબંધી વાતચીતથી પણ બચવાની ચેતવણી આપી છે; કેમકે વિષયોની વાતો થવાથી વિષયોનું ચિંતન થાય છે અને એ ચિંતનદ્વારા આસક્તિ, કામના, ક્રોધ, સંમોહ, સ્મૃતિભ્રંશ અને બુદ્ધિનાશ થઇને મનુષ્યોનો સર્વનાશ થાય છે. એટલા માટે અન્ય ગ્રંથ શિવપુરાણમાં કહ્યું છે કે—

વિષયાસક્ત મનુષ્યોની સાથે વાતો કરવાથી મનુષ્ય તરતજ પતિત થાય છે. આચાર્યોએ એ વિષયને સાકરમાં ભેળવેલ મદિરા જેવો વર્ણવ્યો છે.

અને જે લોકોનું આચરણ દૂષિત હોય છે તેઓનો સંગ તો બિલકુલ છોડી દેવાની શાસ્ત્રની આજ્ઞા છે કેમકે—

"એવા પાપી માણસોની સાથે વાતચીત કરવાથી, તેઓને જોવાથી, તેઓનો સ્પર્શ કરવાથી, તેઓની સાથે બેસવાથી, તેઓની સાથે ભોજન કરવાથી અને તેઓની સાથે રહેવાથી તેઓનાં પાપ આપણામાં આવે છે. એટલા માટે ખૂબ જ સાવધાનીથી મનુષ્યોએ કુસંગથી બચીને સત્સંગ કરવો જોઇએ."

( ચાલુ )

## મુનિવિહારની જાણવા જેવી હકીકત

અનેક સ્થળે સમાજ ઉપર ઉપકાર કરતાં કરતાં ખરી અને સખ્ત ગરમીની ૠતુમાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પંજાબ તરફ સતત વિહાર કરી રહ્યા છે. ખંભાતના ચોમાસા બાદ કારતક વદિ ૫ ના રોજ વિહાર કરી અમદાવાદ, રાંધનપુર, પાટણ, પાલનપુર થઇ મારવાડ થઈ આજ સુધીમાં ૭૧૪ માઇલનો ( તા. ૧૦-૫-૩૮ સુધીમાં ) વિહાર થઇ ગયો છે અને અંબાલા ૨૮૬ માઇલ દુર ( મનોરપુર જયપુરથી ૩૨ માઇલ છે ત્યાંથી છે) ત્યાં પધારવા વિહાર કરી રહ્યા છે. ધન્ય છે ! આચાર્ય મહારાજને અને મુનિધર્મને! આ બાબતમાં વિગતવાર પત્ર મળેલ છતાં જૈન સમાજને જાણ થવા અને મુનિધર્મ અને આચાર્યમહારાજ પ્રત્યે સ્વાભાવિક પૂજ્યભાવવડે, મુનિધર્મ કેવો છે ? તે જાણે તે માટે આટલી હકીકત જણાવેલ છે.

For Private And Personal Use Only

# વર્તમાન સમાચાર.

કદમ્બગિરિ ( બોદાના નેસ ):—આચાર્ય વિજયનેમીસૂરીશ્વરજી મહારાજના નેતૃત્વ નીચે અત્રે શરૂ કરવામાં આવેલ અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ વૈ. શુ. ૧૦ના પૂર્ણ થયો છે. સારૂં યે તીર્થ એક અટુલા જંગલમાં આવેલ છતાં મહોત્સવને અંગે દરેક પ્રકારની સગવડો હતી. એમ છતાં મહોત્સવના દિવસે એટલે વૈ. શુ. ૧૦ના પાંચ સાત હજારની માનવમેદની એકત્ર થઇ હતી. અને ભાવનગરવાળા શેઠ માણેકચંદ જેચંદભાઇ જાપાને બહુ જ ઉદારતાપૂર્વક સારી રકમ ખર્ચી શ્રી નેમનાથ પ્રભુની પ્રતિમાજી બિરાજમાન કરેલ અને બે નૌકારશી ઝાંપે ચોખા મુકવા સહિત કરી હતી.



**શેઠ માણેકચંદ જેચંદભાઇ જાપાન.**
**ભાવનગર.**

જેમણે અનેક ધાર્મિક ખાતાઓમાં સખાવત કરી છે અને હાલમાં કદંબગિરિની પ્રતિષ્ઠા પ્રસંગે રૂપીઆ ચાલીસ હજારથી વધારે રકમ ખર્ચનાર ઉદારદિલ ગૃહસ્થ.

મહોત્સવ દરમ્યાન હમેશની ક્રિયાઓ સૂરીશ્વરજીના નેતૃત્વ નીચે થતી હોવાથી ઘી તથા રૂપીયાની બોલીની આવક ઘણા મોટા પ્રમાણમાં થઇ હતી.

મહોત્સવ પર આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી, વિજય પ્રતાપસૂરીશ્વરજી, ઉપાધ્યાય શ્રી ધર્મવિજયજી, આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજીના શિષ્યો આદિ મુનિમહારાજ પધાર્યા હતા.

આશરે એક હજાર પ્રતિમાજીને અંજનશલાકા પ્રતિષ્ઠા વગેરે કરવાનો આ મહોત્સવ શાંતિપૂર્વક પૂર્ણ થયો છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

## મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના વ્યાખ્યાનો ભાગ. ૧—૨

કરાંચી જેવા બહોળા વેપાર વસ્તીવાળા શહેરમાં આવા વિદ્વાન મુનિશ્રીનું ચાતુર્માસ મુખ્ય છે. મહારાજશ્રી વિદ્વાન, સમયજ્ઞ અને દર્શનનું ઉચ્ચ જ્ઞાન ધરાવે છે. તેઓશ્રીએ આધ્યાત્મિક ધર્મ ઉપર તથા આચારધર્મ ( સાધુધર્મ અને ગૃહસ્થધર્મ ) ઉપર જે ત્યાં વ્યાખ્યાનો આપ્યા છે: તે આ બે ભાગમાં પ્રકટ થયેલ છે. દરેક વિષયો મનન-પૂર્વક વાંચવા જેવા અને વિદ્વત્તાપૂર્ણ છે.

**વર્તમાન સ્થિતિનું આપણું કર્તવ્ય**—એ વિષય ઉપર મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજે ભાષણ કરાંચીમાં આપેલ છે જે સાતમી પત્રિકા રૂપે પ્રકટ થયેલ છે.

સિંધ સર્વ હિન્દુ પરિષદમાં સભાપતિ તરીકે મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજનું વ્યાખ્યાન સામાજિક અને જૈન દર્શનનું સ્વરૂપ બતાવનારૂં મનનીય છે.

આ બધા ગ્રંથો પ્રકટકર્તા વીક્રમચંદ તુલસીદાસ મહેતા. ડેન્સો હોલ, કરાંચી પ્રથમ ભાગ તથા બીજા ભાગની કિંમત ચાર આના, છ આના.

**સુભાષ બાબુ**—નું જીવન વૃત્તાંત. લેખક ગુણવંતરાય આચાર્ય પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલાય અમદાવાદ કિંમત આઠ આના. વિદ્વાન અને દેશ માટે ભોગ આપનાર મહાન પુરૂષોના જીવનમાંથી કેટલીએ પ્રેરણાઓ વાચકને મળી શકે છે. જીવન ચરિત્રોનું વાંચન મનુષ્યોને મહાન પુરૂષ બનાવી શકે છે. પ્રકાશક શ્રી શંભુલાલનો વિવિધ સાહિત્યના પ્રકાશનો માટેનો પ્રયત્ન યશસ્વી છે.

**રાજાની રાણી**—પ્રયોજક રમણીકલાલ જયચંદભાઇ દલાલ પ્રકાશક ગૂર્જર ગ્રંથ કાર્યાલય અમદાવાદ એ ત્રીપુટી નાટક આ લઘુ ગ્રંથમાં આપવામાં આવેલ છે. રચના સરલ અને સુંદર છે. કિંમત આઠ આના પ્રકાશકને ત્યાંથી મળશે.

**શ્રીકાન્ત**—ભાગ ચોથો. અનુવાદક સુશીલ. પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય–અમદાવાદ. બંગાલી લેખક શરદ બાબુની કૃતિનો આ ગ્રંથ છે. અને તે સુંદર વાર્તા છે. એક તો કૃતિ ઉત્તમ અને તેને ગુજરાતી ભાષામાં ઉતારનાર અનુવાદક બંગાલી ભાષાના પૂરા અભ્યાસી અને સ્વતંત્ર લેખક છે. એટલે તે અનુવાદ પણ સુંદર બન્યો છે. આ ગ્રંથ લાઈબ્રેરીના શણગાર રૂપે અને નવલકથાના વાચકોને રસ ઉત્પન્ન કરે તેવું છે. તરૂણ ગ્રંથમાળાનું આ આઠમું પુસ્તક છે આ ગ્રંથમાળા તરફથી ઉત્તમ પુસ્તકો પ્રગટ થતાં હોવાથી ગ્રાહક થવા જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી પરમાત્મને નમઃ

# શ્રી જૈન આત્માનંદ સભા

## ભાવનગરનો રિપૉર્ટ.

### (સં. ૧૯૯૩ના કાર્તિક શુદિ ૧ થી આસો વદિ ૦)) સુધીનો.)

[...૪૧ મા વર્ષનો...]

**આ** સભાને સ્થાપન થયાં ૪૨ વર્ષ થયાં છે. આપની સમક્ષ આ ૪૧ મા વર્ષનો રિપોર્ટ, આવકજાવક, હિસાબ સાથે રજૂ કરતાં અમોને હર્ષ થાય છે. અત્યાર સુધીમાં ગુરુકૃપાથી અનેક વિઘ્નોમાંથી પસાર થઇ આજે તે લૌકિકમાં કહેવામાં આવે છે તેમ ૪૨ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે તે તેની પ્રૌઢ વય કહી શકાય. આ સભાનો જન્મ થવાનો મૂળ હેતુ પ્રાતઃસ્મરણીય **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી)** મહારાજના સ્મરણ નિમિત્તે હોવા છતાં, ગુરુભક્તિ ખાસ છે. આ તો મૂળ સ્થાપનાનો હેતુ જણાવ્યો પરંતુ સ્થાપન થયા પછી સભાએ જે ઉદ્દેશ નક્કી કરેલ અને ત્યારબાદ જરૂરીયાત પ્રમાણે તેમાં સુધારોવધારો કરતાં આ સભાને પ્રગતિશીલ બનાવી તેમાં આપ સર્વનો ફાળો છે; તેમ સ્વર્ગવાસી પુજ્યપાદ ગુરુરાજ શ્રી **આત્મારામજી** મહારાજના પરિવાર મંડળની કૃપા, સહાનુભૂતિ અને કિંમતી સહાય છે. તેથી જ સભાના ચાલતા કેટલાક ખાસ કાર્યોથી તે આપણા સમાજમાં સારી પ્રતિષ્ઠા પામેલ છે.

સભાના ઉદ્દેશ પ્રમાણે કાર્ય કરવાની પદ્ધતિ, યોગ્ય વ્યવસ્થા, કરકસરવાળો વહીવટ, બહોળા પ્રમાણમાં વાંચનનો લાભ જનસમાજને આપનારી ફ્રી લાઇબ્રેરી, અપૂર્વ પ્રાચીન અને અર્વાચીન સાહિત્યનું સુંદર પ્રકાશન અને તેને સ્થિતિ અને સંયોગના પ્રમાણમાં બ્હોળો પ્રચાર કરવાની વધતી જતી યોજના, 'આત્માનંદ પ્રકાશ'માં આવતા લોકભોગ્ય લેખો, કેળવણીને ઉત્તેજન ગુરુ અને જ્ઞાનભક્તિ વગેરે કાર્યોથી દિવસાનુદિવસ સભાસદોમાં થતી વૃદ્ધિ આ બધા કાર્યો( જેનું સંક્ષિપ્ત વર્ણન પાછળ આપવામાં આવ્યું છે. ) જેથી ગુરુભક્તિ, જ્ઞાનઉદ્ધાર અને સમાજસેવા વગેરે કાર્યની દિવસાનુદિવસ થતી જતી અભિવૃદ્ધિથી આપણને સૌને અંતઃકરણપૂર્વક આનંદ થાય તે સ્વાભાવિક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ એકતાળીશ વર્ષમાં સભા કેટલી પ્રગતિશીલ બની, કેટલી ગુરુભક્તિ, સાહિત્ય અને સમાજસેવા કરી, તેનું માપ તો જૈન સમાજ કાઢી શકે, છતાં આપણે સૌએ આટલા વર્ષો સુધી સભાની પ્રમાણિકનિષ્ઠાએ સેવા કરી, તેને ઉન્નત બનાવી અને આજ સુધી મુખ્ય કાર્યવાહકોને પ્રેમપૂર્વક સહકાર આપ્યો તેથી તેનું ઉજ્જવળ ભાવી વર્તમાન સ્થિતિવડે જણાય તેથી પણ આ સભાના સર્વ માનવંતા સભાસદોને આનંદ, ગૌરવ અને અભિમાન લેવા જેવું સ્વાભાવિક બને તે યોગ્ય જ છે.

સભાએ આજ સુધી પોતાની સ્થિતિ અને સંયોગ અનુસાર ગમે તેટલી પ્રગતિ કરી હોય છતાં, ભવિષ્યને માટે જૈન સમાજની ઉન્નતિ માટે, તેમનામાં જ્ઞાનવૃદ્ધિ કેમ વિશેષ થાય, તેને માટે સસ્તું વાંચન કે ફ્રી વાંચન મળી શકે અને તેમાં રસ ઉત્પન્ન થાય તેવી જ્ઞાનની પરબો જરૂરીયાત સ્થળે મંડાવવાની આવી સંસ્થાઓને વિશેષ અને ખાસ ફરજ હોય છે. આ સભાની સ્થિતિ–સંયોગ વધારે અનુકૂળ થતાં સમયને અનુસરી અવસ્ય તેમ કરવાની અભિલાષા રાખે છે.

કાળ પરિવર્તન એટલું બધું થયું છે અને તેની અસર આપણા સમાજ ઉપર પણ વ્યવહારિક અને ધાર્મિક બાબતમાં ઘણી પહોંચી છે. તેની અસર વધારે ન થાય તે પહેલાં જૈન સમાજે બંને બાબતોમાં ધમદ્રષ્ટિ સન્મુખ રાખી સમયને ઓળખી સુધારો-વધારો કરવાની જરૂર છે.

ઉપર જણાવ્યું તેમ સાહિત્યપ્રચાર, ઉદારતાપૂર્વક જ્ઞાનદાન અને ધાર્મિક વ્યવહારિક બંને પ્રકારની કેળવણીની અભિવૃદ્ધિ ને ઉત્તેજન એ મુખ્ય કાર્યો અને કર્તવ્ય આવી સંસ્થાઓના ઉદ્દેશમાં મુખ્ય હોવા જોઇએ. આ સભાની સ્થાપનાનો મૂળ ઉદ્દેશ બીજા કાર્યો સાથે અમુક રીતે તેવો હોવાથી આ ચાલીશ વર્ષમાં ગુરૂભક્તિ સાથે તેની વધતી જતી પ્રગતિમાં શું શું કાર્યો કર્યા છે. તે દર વર્ષે રિપોર્ટમાં જણાવવામાં આવે છે. આ વર્ષે પણ તેના ઉદ્દેશો સાચવી કાર્ય કરતાં આ સભા કેટલી વધારે સેવા કરી શકી છે તે હકીકત હવે આ વર્ષના રિપોર્ટમાં સંક્ષિપ્તમાં આપની પાસે નીચે પ્રમાણે રજૂ કરીએ છીએ.

**ઉદ્દેશ અને હેતુ**—આ સભાનું સ્થાપન સં. ૧૯૫૨ના બીજા જેઠ શુદ ૨ના રોજ સ્વર્ગવાસી ગુરુરાજ શ્રી **વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજના નામ સ્મરણાર્થે–ગુરુભક્તિ નિમિત્તે કરવામાં આવ્યું છે.

**ઉદ્દેશ**–જૈન બંધુઓ ધર્મ સંબંધી ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, ધાર્મિક અને વ્યવહારિક કેળવણીની વૃદ્ધિ માટે યથાશક્તિ પ્રયાસ કરવા, જૈન ધર્મના અત્યુપયોગી ગ્રંથો, આગમો, મૂળ, ટીકા, અવચૂરિ તેમજ ભાષાંતરના ગ્રંથો પ્રગટ કરી ભેટ, ઓછા મૂલ્યે કે મુદ્દલ કિંમતે આપી જ્ઞાનનો બહોળો ફેલાવો ( સાહિત્યના પ્રચાર ) કરી જૈન સાહિત્યની અભિવૃદ્ધિ તથા સેવા કરવા, એક જૈન વિવિધ સાહિત્યનું જ્ઞાનમંદિર કરવા અને તેનાથી દરેકને સર્વ રીતે લાભ આપવા, ફ્રી (મફત) વાંચનાલય, લાઇબ્રેરીથી જનસમાજને વાંચન પૂરું પાડવા અને અન્ય જૈન લાઇબ્રેરીને યથાશક્તિ સહાય કરવા વગેરે અને એવા બીજા જૈન શાસનની સેવાના દરેક કાર્યોમાં યથાશક્તિ ફાળો આપી સ્વપર જ્ઞાનવૃદ્ધિ કરવા વિગેરેથી આત્મોન્નતિ કરવાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બ ધારણ**—પેટ્રન સાહેબ, પહેલા વર્ગના લાઇફ મેમ્બરો, બીજા વર્ગના લાઇફ મેમ્બરો અને વાર્ષિક મેમ્બરો એમ ચાર પ્રકારનું છે. અનેસભાસદ બંધુઓના હક્કો, ફરજ અને સભા તરફથી મળતો આર્થિક, વ્યવહારિક, ધાર્મિક લાભ આ રિપોર્ટમાં સંક્ષિપ્તમાં આપવામાં આવેલ છે અને તેને લગતા ધારાધોરણ તેમજ સભાની કાર્યવ્યવસ્થા વિગેરેને લગતા ધારાધોરણો જુદા છપાવેલ છે.

## જનરલ કમીટી—કુલ સભાસદો.

### ( તેમાં દિવસાનુદિવસ થતી જતી વૃદ્ધિ. )

આ સભામાં ચાર વર્ગમાં થઇ સં. ૧૯૯૨ ની આખર સુધી કુલ ૩૬૫) સભાસદો હતા. તેમાં સં. ૧૯૯૩ ના આસો વદિ ૦)) સુધીમાં ( ત્રણ સભ્યોનો સ્વર્ગવાસ થયો, ફી નહી આવવાથી બે સભ્યો કમી થયા અને પંદર સભ્યો નવા વધ્યા જેમાં પેટ્રન સાહેબો ૩ .પહેલા વર્ગના લાઇફ મેમ્બરો ૧૦૬, બીજા વર્ગના લાઇફ મેમ્બરો ૨૨૪, વાર્ષિક મેમ્બરો ૨૩ *બીજા વર્ગના વાર્ષિક મેમ્બરો ૭ અને *ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો ૧૨) કુલ મળી ૩૭૫ સભાસદો છે, જેમાં સ્થાનિક ૧૧૯ તેમજ બહારગામના ૨૫૬ છે, જેઓ શ્રીમંતો, આગેવાનો, વિદ્વાનો અને સાથે કેટલાક ગામના શહેરની પાઠ-શાળા, કન્યાશાળા, પુસ્તકાલયો, જ્ઞાનભંડાર, તે ગામના શ્રી સંઘ વિગેરે પણ છે, જે સભાની મહત્ત્વતામાં વધારો કરે છે. સં. ૧૯૯૪ ની સાલમાં પેટ્રન સાહેબો અને કેટલાક નવા સભાસદો આ સાલમાં વધ્યા છે, તેની હકીકત હવે પછીના રિપોર્ટમાં આવશે. નવા થતાં સભાસદોના નામો તે વખતે જ ' શ્રી આત્માનંદ પ્રકાશ ' માસિકમાં પ્રકટ કરવામાં આવે છે.

અમારે આનંદપૂર્વક જણાવવું જોઇએ કે અત્યાર સુધીમાં આ સભાના સભાસદોને સભા તરફથી પ્રગટ થયેલા ગ્રંથો વિવિધ સાહિત્યોના પ્રથમથી જ અનેક સંખ્યામાં હજારો રૂપીયાની કિંમતના ધારા પ્રમાણે ભેટ આપવામાં આવેલ છે, તેવી રીતે કોઇપણ આપી શકેલ નથી. સભાએ ઉદાર ભાવનાથી સભાસદોને ગ્રંથો ભેટ આપવાનું આ કાર્ય રાખેલ છે તે કાર્ય કાયમ શરૂ જ છે.

*કેટલાક વખતથી ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર અને બીજા વર્ગના વાર્ષિક મેમ્બરોને વર્ગ સભાએ કમી કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મેનેજીંગ કમીટી

## પ્રમુખ.

શેઠ શ્રી ગુલાબચંદ આણંદજી.

## ઉપપ્રમુખ.

૧ સંઘવી નાનચંદ કુંવરજી. ૨ શાહ દામોદરદાસ દીયાળજી.

## સેક્રેટરીઓ.

૧ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. ૨ શેઠ હરજીવનદાસ દીપચંદ.

૩. શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ B. A.

## ટ્રેઝરર

શેઠ અમૃતલાલ છગનલાલ.

## સભાસદો.

૧. શાહ ફતેહચંદ ઝવેરચંદ
૨. શેઠ દેવચંદ દામજી
૩. શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
૪. શાહ જાદવજી ઝવેરભાઇ
૫. શાહ દીપચંદ જીવણભાઇ બી.એ.બી.એસ.સી.
૬. શેઠ નેમચંદ ગિરધરભાઇ
૭. સંઘવી અમરચંદ ધનજીભાઇ
૮. શાહ નગીનદાસ ઉત્તમચંદ
૯. ભાવસાર હેમચંદ ગાંડાલાલ

---

## કાર્યો.

**લાયબ્રેરી-ફ્રી વાંચનાલય**—આ વાંચનાલયમાં સાત વર્ગો નીચે પ્રમાણે છે. લખેલી પ્રતોનો ભંડાર પણ જુદો છે. ન્યુસપેપરોમાં દૈનિક, અઠવાડિક, પખવાડિક, માસિક, ત્રિમાસિક થઇ કુલ નંગ ૫૨) સારા સારા આવે છે. જૈન અને જૈનેતર ભાઈઓ નિરંતર બહોળી સંખ્યામાં લાભ લે છે. કક્કાવારી પ્રમાણે વાચકોની સુગમતા ખાતર તમામ બુકોનું લીસ્ટ પ્રકટ કરવામાં આવ્યું છે. ત્યારબાદ વધેલ પુસ્તકોની પુરવણી કરવાની છે

સંવત ૧૯૯૩ ની આખર સાલ સુધીમાં કુલ પુસ્તકો ૮૮૧૪ રૂા. ૧૪૬૬૭–૫–૦ ના થયા છે, જે કુલ પુસ્તકો તેની કિંમત સાથે નીચે પ્રમાણે આપવામાં આવેલ છે. ત્યારબાદ વધેલા પુસ્તકોની હકીકત હવે પછીના રિપોર્ટમાં આપવામાં આવશે.

વર્ગ ૧ લો **જૈન ધર્મના છાપેલા પુસ્તકો** કુલ ૨૭૦૬ કિં. રૂા. ૩૫૦૦–૭–૦

વર્ગ ૨ જો **જૈન ધર્મના આગમો છાપેલા.** કુલ ૧૪૩ કિં. રૂા. ૧૧૨૩–૫–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ગ ૩ જો **જૈન ધર્મની હસ્તલિખિત પ્રતો** કુલ ૧૫૨૨. (૧૯૭-૧૩૨૫) શુમારે પચીશ હજાર રૂપીયાથી વધારે કિંમતની.

વર્ગ ૪ થો **સંસ્કૃત છાપેલા ગ્રંથો** કુલ ૪૦૭ કિં. રૂા. ૧૨૩૮-૮-૦

વર્ગ ૫ મો **નીતિ નોવેલ વગેરેના** વિવિધ સાહિત્યના હિંદી વગેરે કુલ ૪૦૫૧ કિંમત રૂા. ૫૨૨૧-૭-૬

વર્ગ ૬ ઠ્ઠો **અંગ્રેજી પુસ્તકો.** કુલ ૧૯૫ કિં. રૂા. ૫૦૪-૧૦-૬.

વર્ગ ૭ મો **માસિકની ફાઇલ** અને **દિવાળીના** ખાસ અંકો કુલ ૧૧૧૫ કિં. રૂા. ૨૬૨૬-૫-૦

સાતે વર્ગમાં કુલ પુસ્તકો ૮૮૧૪) રૂા. ૧૪૬૬૭-૫-૦ કિંમતના છે. અને ત્રીજા વર્ગની લખેલી પ્રતો ૧૫૨૨ની કિંમત શુમારે પચીશ હજાર રૂપીયા કરતાં વધારેની ગણી શકાય, તે જુદી છે.

લાઇબ્રેરીની સુવ્યવસ્થા માટે યુરોપીયન વિદ્વાનો **જરમન પ્રોફેસર સુબ્રીજ સાહેબ, મીસ ક્રોંઝે**, શ્રી ગાયકવાડ સરકારની સેન્ટ્રલ લાઇબ્રેરીના આ. કયુરેટર **સાહેબ મોતીભાઇ આમીન** અને આ સભાની વીઝીટ લેવા પધારેલ બનારસ સેન્ટ્રલ હિંદુ કોલેજના આ. પ્રીન્સીપાલ પ્રોફેસર **આનંદશંકર બાપુભાઇ ધ્રુવ સાહેબ** અને ભાવનગર સ્ટેટ કાઉન્સીલના પ્રેસીડન્ટ **નામદાર પટ્ટણી સાહેબ** વગેરે અનેક જાહેર પુરુષોએ આ વ્યવસ્થિત લાઇબ્રેરી માટે ઊંચા અભિપ્રાય આપવા સાથે પ્રશંસા કરેલ છે. આ શહેરમાં આવી બીજી જાહેર લાઇબ્રેરી એક પણ નથી. હજી વિશેષ પ્રગતિ માટે પ્રયત્નો શરૂ છે.

**૨. સભાનું વહિવટી-નાણા પ્રકરણીય ખાતું**:-સભાનો વહીવટ સહજ રીતે સમજી શકાય તે માટે જુદા જુદા ખાતાઓથી ચલાવવામાં આવે છે, જેથી ઉપજ ખર્ચ જાણવામાં આવી શકે. હિસાબ સરવૈયા સાથે પાછળ આપવામાં આવેલ છે.

**૩. જૈન સાહિત્ય પ્રકાશન ખાતું:-વિવિધ જૈન સાહિત્ય અને જ્ઞાનોદ્ધારના પ્રચાર માટે પ્રાચીન સંસ્કૃત, માગધી, મૂળ ટીકાના ગ્રંથો તથા જૈન ઐતિહાસિક ગ્રંથો, જૈન આગમો, કર્મવિષયક ગ્રંથો, ગુજરાતી ભાષાંતરના ગ્રંથો વગેરેનું પ્રસિદ્ધ કરવાનું બહોળી સંખ્યામાં શરૂ રહેલ કાર્ય** નીચેનાં પાંચ પ્રકારે સાહિત્ય પુસ્તક પ્રકાશનખાતું આ સભા કરે છે.

૧. **શ્રી આત્માનંદ જૈન ગ્રંથ રત્નમાળા** જેમાં સંસ્કૃત, પ્રાકૃત, માગધી, મૂળ ટીકાના ગ્રંથો પ્રકટ થાય છે.

૨. પ્રવર્તકજી **શ્રી કાંતિવિજયજી જૈન** ઐતિહાસિક ગ્રંથમાળા જેમાં ઐતિહાસિક ગ્રંથોનું પ્રકાશન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. **શ્રી આત્મારામજી શતાબ્દિ સીરીઝ**–શ્રી શતાબ્દિ મહોત્સવના સ્મરણ નિમિત્તે, જેમાં પ્રાચીન સંસ્કૃત, પ્રાકૃત યા ગુજરાતી ભાષાના ગ્રંથો પ્રસિદ્ધ થાય છે.

૪. **સાધુ સાધ્વીમહારાજ તથા જ્ઞાનભંડારોને ખાસ ભેટ** માટેનું પ્રકાશન ખાતું.

૫. **સભા તરફથી પ્રગટ** થતાં સભાની માલીકીના ગ્રંથો તથા જૈન બંધુઓ તરફથી **સીરીઝ તરીકે પ્રગટ થતાં ગ્રંથો અને શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ અપાતા ગ્રંથો.** તે સર્વે પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને અત્યાર સુધી ધારા પ્રમાણે ગ્રંથો ભેટ આપવામાં આવ્યા છે અને અપાય છે.

સભા તરફથી પ્રગટ થતા ગ્રંથો મુદ્દલ કિંમતે કે ઓછી કિંમતે, સીરીઝના ગ્રંથો ધારા પ્રમાણે કિંમતથી અન્યને આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં ઉપરોક્ત જણાવેલ ગ્રંથો સભાસદોને ભેટ આપવામાં આવેલ જેથી એવા ગ્રંથોની તેઓ સાહેબ એક સારી લાયબ્રેરી કરી શકયા છે.

અત્યાર સુધીમાં મુનિમહારાજો, જ્ઞાનભંડારો, પાશ્ચિમાત્ય વિદ્વાનો અને સંસ્થાઓને કુલ મળી રૂા. ૨૦૪૮૦–૪–૦ ની કિંમતના ગ્રંથો તો સભાએ ( તદ્દન ફ્રી ) ભેટ આપેલા તે જુદા છે. અડધી, અલ્પ કે ઓછી કિંમતે આપેલા તે જુદા છે. લાઇફ મેમ્બરોને અત્યાર સુધીમાં આપેલા ગ્રંથોની પણ હજારોની સંખ્યાની રકમ થાય છે તે જુદી છે. આ બધું ગુરૂકૃપાથી થતું હોવાથી અમોને આનંદ થાય છે. હજુ તેવું જ પ્રકાશન અને ભેટનું કાર્ય સંયોગ પ્રમાણે ચાલુ છે અને ચાલુ રહેશે, જેથી આ સભાની પ્રતિષ્ઠા, ગૌરવ અને જ્ઞાનભક્તિમાં પ્રશંસા સાથે વધારો થતો જાય છે. શ્રી બનારસ હિંદુ સેન્ટ્રલ કોલેજના આ. પ્રીન્સીપાલ પ્રોફેસર **શ્રીયુત્ આનંદશંકર બાપુભાઇ** ધ્રુવ સાહેબ જેવા સાક્ષરો અને અત્રે રાજયની સ્ટેટ કાઉન્સીલના પ્રેસી. સાહેબ **નામદાર પ્રભાશંકર પટ્ટણી** સાહેબ પધારી સાહિત્ય પ્રકાશનખાતું નજરે જોઇ ઘણા ખુશી થયા હતા અને બીજા દિવસે પ્રજાની જાહેર મીટીંગમાં સભાના પ્રકાશ થતાં પ્રાચીન સાહિત્ય માટે મહેરબાન ધ્રુવ સાહેબે મુક્તકંઠે વખાણ કર્યા હતાં. જેટલા જેટલા પાશ્ચિમાત્ય વિદ્વાનો દર્શનશાસ્ત્રના અભ્યાસીઓ અત્રે આવ્યા છે તેઓ પ્રગટ થયેલ પ્રાચીન સાહિત્ય જોઇ ખુશ થઇ સુંદર અભિપ્રાય પણ લખી ગયા છે.

૧. શ્રી આત્માનંદ જૈન રત્નગ્રંથમાળા–સં. ૧૯૯૩ ની આખર સાલ સુધીમાં પ્રાકૃત, સંસ્કૃત, મૂળ, ટીકા વિગેરે વિવિધ સાહિત્ય અને આગમોના મળી કુલ ૮૪ ગ્રંથો પ્રકટ થયા છે. નવા ગ્રંથોનું કાર્ય નીચે પ્રમાણે શરૂ છે.

**વસુદેવહિંડિનો ત્રીજો ભાગ, બૃહત્ કલ્પસૂત્રનો ત્રીજો અને ચોથો ભાગ, શ્રી દેવેન્દ્રસૂરિકૃત કર્મગ્રંથ ૫મો** તથા **છઠ્ઠો** તથા **શ્રી આત્માકાંતિ પ્રકાશ, ધર્માભ્યુદય ( સંઘપતિ ચરિત્ર. )** ને **મલયગિરિ વ્યાકરણ** છપાય છે. એ અને બીજા કાર્યોની યોજના શરૂ છે. **હાલ શુમારે એક લાખ શ્લોક** પ્રમાણનું કાર્ય સંશોધક...પ્રેસ કોપી અને છપાતું શરૂ છે વગેરે.

૨. **શ્રી પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી ગ્રંથમાળાના સાત ગ્રંથો** પ્રકટ થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયા છે. હાલ તે કામો સંયોગવશાત્ મુલતવી રહેલ છે.

૩. **શ્રી આત્મારામજી જન્મ શતાબ્દિ સીરીઝ ગ્રંથમાળા** તરફથી ૭ ગ્રંથો છપાઇ ગયા છે. બીજું પ્રકાશન શરૂ છે. કેટલાક નિર્ણયસાગર પ્રેસ–મુંબઈમાં છપાય છે અને બીજા નવા ગ્રંથોની યોજના શરૂ છે.

૧. **શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર** પર્વ ૨ થી ૧૦ છપાય છે.
૨. **ધાતુપારાયણ** તૈયાર થાય છે.
૩. **વૈરાગ્યકલ્પલતા** ( યશોવિજયજીકૃત પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકા વૃત્તિ )તૈયાર થાય છે.

## નીચેના ગુજરાતી ગ્રંથો છપાય છે.

શ્રી મહાવીર ચરિત્ર ( ભાષાંતર ) શ્રી ગુણચંદ્રગણિકૃત, થોડા વખતમાં પ્રગટ થશે.

જ્યારે જ્યારે ગ્રંથો પ્રસિદ્ધ થાય છે ત્યારે ત્યારે તેની જાહેર ખબર ' શ્રી આત્માનંદ પ્રકાશ'માં અપાય છે અને વધારે સંખ્યા ( ચાર–પાંચ ) તૈયાર થાય ત્યારે અમારા માનવંતા લાઇફ મેમ્બરોને પ્રથમ સૂચના કર્યા પછી ભેટ મોકલવામાં આવે છે.

## જૈન ગૃહસ્થો તરફથી પ્રકટ થતી સીરીઝ ગ્રંથમાળાઃ—

સંવત ૧૯૯૩ સુધીમાં ૧૫ ગૃહસ્થો તથા બહેનો તરફથી સીરીઝના ધારા પ્રમાણે રકમ આવતા ગ્રંથો પ્રકટ થયા છે તેની નોંધ અગાઉ આપવામાં આવેલ છે.

ઉપર પ્રમાણે સીરીઝના ગ્રંથો પણ વધારે પ્રમાણમાં પ્રકટ થતાં હોવાથી જૈન સાહિત્યની અભિવૃદ્ધિ સાથે આ સભામાં થતા લાઇફ મેમ્બરોને પણ બહોળા પ્રમાણમાં તેટલો લાભ મળે છે, જેથી હવે પછી સસ્તા સાહિત્યનો બહોળો પ્રચાર સભા સંયોગો અનુકૂળ થતાં વિશેષ કરવા અભિલાષા ધરાવે છે.

૪ **ધાર્મિક અને વ્યવહારિક કેળવણીને ઉત્તેજન**—દર વર્ષે રૂા. ૩૦૦) જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તરીકે, રૂા. ૧૨૫) શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને મદદના મળી શુમારે સવાચારશેં રૂપિયા અપાય છે. અનુકૂળતાએ વિશેષ આપવા સભાની શુભ આકાંક્ષા છે.

૫ **શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાઃ**—નો વહીવટ આ સભાને તેની કમીટી તરફથી સુપ્રત થયેલ હોવાથી ધાર્મિક શિક્ષણને સહાય તેમજ મદદ આપવા સાથે કરે છે.

૬ **શ્રી આત્માનંદ પ્રકાશઃ**—માસિક પાંત્રીશ વર્ષથી પ્રકટ કરવામાં આવે છે. ઉત્તમ લેખો, પુસ્તકોની સમાલોચના, વર્તમાન સમાચારો વગેરે આપવામાં આવે છે. અને સારા સારા અનેકવિધ સાહિત્યના ઉત્તમ ગ્રંથો વધારે ખર્ચ કરી, માસિકની આવક કે કમાણીની દરકાર નહિ રાખી ગ્રાહકોને ભેટ અપાય છે, જેની નોંધ તે તે વર્ષે આત્માનંદ પકાશમાં આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૭ સ્મારકફંડોઃ**—આ સભા હસ્તક શ્રીયુત મૂળચંદ નથુભાઇ કેળવણી ઉત્તેજન સ્મારક ફંડઃ તેમજ બાબૂ પ્રતાપચંદજી ગુલાબચંદજી સ્કોલરશીપ ફંડ, તથા કેળવણી મદદ ફંડ અને શ્રીયુત ખોડીદાસ ધરમચંદ નિરાશ્રિત મદદ ફંડ ચાલે છે, જેમાં તેના ઉદ્દેશ પ્રમાણે તે તે ખાતામાં સહાયો અપાય છે.

**૮ જયંતીઓઃ**—પ્રાતઃસ્મરણીય ગુરુરાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની જેઠ શુદ ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર, તથા પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી મૂળચંદજી મહારાજની માગશર વદિ ૬, શાંતમૂર્તિ શ્રી વિજયકમળસૂરીશ્વરજીની આસો શુદ ૧૦ ના રોજ આ શહેરમાં દેવગુરુભક્તિ–પૂજા-સ્વામીવાત્સલ્ય વગેરેથી દરવર્ષે સભા તરફથી ઉજવાય છે.

**૯ સભાની વર્ષગાંઠ**—દર વર્ષે જેઠ શુદ ૭ ના રોજ સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવા વિગેરેથી દેવગુરુભક્તિ કરવા સાથે વોરા હઠીસંગ ઝવેરભાઇએ આપેલી રકમના વ્યાજથી તેમજ તેમના તરફથી વધારાના કબૂલ કરાયેલ રકમના દર વર્ષે આપવામાં આવતા વ્યાજવડે સ્વામીવાત્સલ્ય સહિત ઉજવવામાં આવે છે.

**૧૦ જ્ઞાનભક્તિ**—દરવર્ષે સભાના મકાનમાં જ્ઞાનપંચમીને દિવસે જ્ઞાન પધરાવી જ્ઞાનભક્તિ કરવામાં આવે છે.

**૧૧ આનંદ–મેલાપ**—દર બેસતે વર્ષે જ્ઞાનપૂજન કર્યા પછી ટીપાર્ટી તે ખાતે આ સભાના પ્રમુખ શેઠ ગુલાબચંદ આણંદજી તરફથી આવેલ રકમના વ્યાજમાંથી સભાસદોને આપવામાં આવે છે.

**૧૨ જૈન બંધુઓને મદદ**—મદદ આપવા યોગ્ય જૈન બંધુઓને સભાને અમુક બંધુઓ તરફથી આવેલી રકમથી તેમની ઇચ્છા પ્રમાણે આર્થિક સહાય અપાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મીટીંગનો હેવાલ.

## જનરલ મીટીંગ (૧)

સં. ૧૯૯૩ ના માગશર શુદ ૧૫ સોમવાર તા. ૨૮–૧૨–૩૬

૧. શ્રી આત્માનંદ શતાબ્દિ સમિતિ મુંબઈ તરફથી ગુજરાતી સાહિત્ય પ્રકાશન સભાને સુપ્રત કરવામાં આવે તો તે કાર્ય સભાએ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો.

૨. સભાની લાઈબ્રેરીનો લાભ લેનારની સંખ્યા વધતી જાય છે જેથી લાઇબ્રેરીની બુકો વધારે સારી રીતે સચવાય અને પદ્ધતિસર લાભ લેવાય તે માટે ઇસ્યુ થવા સેક્રેટરીએ રજૂ કરેલ બુક પદ્ધતિથી ઇસ્યુ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. તે બુકમાં લાઇબ્રેરીના ધારાધોરણ છપાવી દાખલ કરવી, તે ઇસ્યુ બુક સભાના પેટ્રન સાહેબ અને લાઇફ મેમ્બરની જોવે ત્યારે ફ્રી અને અન્ય માટે છપામણની મુદ્દલ કિંમતે આપવી.

૩. સભાના મુનીમ નાનચંદ તારાચંદનો પગાર નહિં વધારતા લાંબા વખતની નોકરી ધ્યાનમાં લઇ તે સભામાં નોકરી કરે ત્યાંસુધી તેની જીંદગીનો વીમો ઉતરાવી દેવાનો જે ઠરાવ થયો હતો તે વીમો ઉતરાવી દીધાની હકીકત જાહેર કરવામાં આવી અને તે પ્રમાણે તેની પાસેથી લખાવી લેવાનો ઠરાવ કરવામાં આવ્યો.

૪. પંન્યાસજી મહારાજ શ્રી સંપત્તવિજયજી મહારાજનો પાટણ શહેરમાં સ્વર્ગવાસ પામ્યાં તે માટે દિલગીરીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો અને તે ઠરાવની નકલ પ્રાતઃ-સ્મરણીય પ્રવર્ત્તક મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજને મોકલી આપવા ઠરાવ્યું.

## જ...ન...ર...લ મી...ટીં...ગ (૨)

સંવત ૧૯૯૩ ના પોષ શુદ ૧૧ શનિવાર તા. ૨૩–૧–૧૯૩૭.

૧. સંવત ૧૯૯૨ની સાલનો રિપોર્ટ તથા આવક જાવક હિસાબ વાંચી પસાર કરવામાં આવ્યા. અને આત્માનંદ પ્રકાશમાં પ્રકટ કરી વહેંચી દેવાનો ઠરાવ કરવામાં આવ્યો.

૨. મુનિરાજશ્રી ભક્તિવિજયજી મહારાજે અથાગ પરિશ્રમ લઇ એકઠો કરેલ પુસ્તક-ગ્રંથસંગ્રહ પોતાની હૈયાતિમાં સભાને સોંપેલ તે અત્યાર સુધી વીશ વર્ષ સુધી સભાના કબજામાં હોવા છતાં તેમના શિષ્ય મુનિશ્રી જશવિજયજી મહારાજ પોતાના દાદાગુરુ પ્રવર્તકજીશ્રી કાન્તિવિજયજી મહારાજ પાસેથી છૂટા પડતાં તેઓ કોઇની ગમે-તેવી શિખવણીથી તે પુસ્તકસંગ્રહના પોતે માલેક થવા માંગે છે અને તે લેવા સભાને તેમણે નોટીસ આપી છે અને તેમની વતી આવેલ ચાર ગૃહસ્થો વાટાઘાટ કરવા આવ્યા છે. તે હકીકત સેક્રેટરીએ જણાવી અને તે સંબંધી તારપત્રવ્યવહાર અને આ સમુદાયના આચાર્યમહારાજની આજ્ઞા અને અત્યાર સુધી તે માટેની બનેલી સઘળી હકીકત છપાયેલ લખાયેલ વગેરે સેક્રેટરીએ રજૂ કરી, તે બાબતમાં પાટણ સભાના કારકુન નાનચંદ તારાચંદને મોકલેલ તે હકીકત પણ જણાવી. પાટણ પ્રવર્તકજી મહારાજની ઇચ્છા અને આજ્ઞા શું છે તે જણાવા વગેરે હકીકત ઉપરથી ચર્ચા થતાં ઠરાવ કરવામાં આવ્યો કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બાબતની વાટાઘાટ કરવા પ્રમુખશ્રી, બે સેક્રેટરીઓ, શેઠ નાનચંદ કુંવરજી અને શેઠ દેવચંદ દામજી એ પાંચ સભ્યોની કમીટી નીમવામાં આવી, ઘરમેળે સમાધાન થાય તો પંચાતનામું કરવાનું, પંચ નિમવાનું, પંચના ઠરાવનો અમલ કરવાનું અને છેવટે આગળ પગલાં ગમે તે જાતના લેવા પડે તો લેવાનું અને તેને માટે થતો કુલ ખર્ચ કરવાની સત્તા આપવામાં આવી.

## મેનેજીંગ કમીટી ૧.

### ( સં. ૧૯૯૩ ના ભાદરવા શુદિ ૨ ને બુધવાર )

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય **મુનિરાજ શ્રી ચરણવિજયજી મહારાજે** શ્રી વડોદરા અને પાટણ શહેરમાં સંવત ૧૯૯૨ના ચૈત્ર શુદ ૧ના રોજ ઉજવાયેલી જૈનાચાર્યશ્રી આત્માનંદ જન્મશતાબ્દિના સ્મારક તરીકે શ્રી આત્માનંદ જન્મશતાબ્દિ સીરીઝદ્વારા સુંદર વિવિધ જૈન સાહિત્ય પ્રગટ કરવાનું હાથમાં ધરી તેનો વહિવટ અને પ્રકાશન આ સભાને સુપ્રત કરેલ જેમાંથી અમુક ગ્રંથ પ્રગટ પણ થયા હતા અને ભવિષ્યમાં ઉચ્ચ કોટીનું સુવિવિધ સાહિત્ય રીતે વિશાળ પ્રચાર કરવાની તેઓશ્રીની ઇચ્છા હતી. દરમ્યાન સંવત ૧૯૯૩ના શ્રાવણ માસમાં યુવાનવયે તેઓશ્રીનો સ્વર્ગવાસ થવાથી આ સભા પોતાની સંપૂર્ણ દિલગીરી જાહેર કરે છે. સભાને તેઓશ્રીના અભાવથી ખરેખરી ખોટ પડી છે. જેથી તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરે છે.

---

## આભાર દર્શન.

સંવત ૧૯૯૨ની સાલમાં શ્રી આત્મારામજી મહારાજની જન્મશતાબ્દિ ઉજવાઇ હતી તેના સ્મારક નિમિત્તે સદ્ગત મુનિરાજશ્રી ચરણવિજયજી મહારાજે શરૂ કરેલ શ્રી જન્મશતાબ્દિ સીરીઝના અમુક ગ્રંથો આ સભા મારફત પ્રસિદ્ધ થયા પછી દરમ્યાન શ્રી મુનિ મહારાજશ્રી ચરણવિજયજી મહારાજ પંચત્વ પામવાથી તેઓની તે અભિલાષા તેમના મનમાં જ રહી ગઇ, છતાં તેમનું આદરેલું ગુરુભક્તિનું કાર્ય મુલતવી ન રહે તેવી ઇચ્છા આચાર્ય મહારાજ **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજને થતાં,** તેઓશ્રીની ઇચ્છા અને આજ્ઞાને માન આપી સાક્ષરવર્ય **મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે** તે કાર્ય, આ સભાના ઘણા સાહિત્યના કાર્યો તેઓ સાહેબની હસ્તક હોવા છતાં હાથમાં લીધું. ધન્ય છે સાહિત્યરસિક ગુરુભક્ત શ્રી **પુણ્યવિજયજી મહારાજને!** કે જેમણે ગુરુભક્તિનું તે કાર્ય શરૂ રાખી, સભાના નામથી તે સીરીઝ પ્રકટ થતી હોવાથી સભાનું તે ગૌરવ સચવાઇ રહ્યું, જેથી **મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ** તથા **મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજનો** ઉપકાર આ માટે પણ આ સભા ભૂલી શકતી નથી. આચાર્ય **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજે તેઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશિષ્ય મુનિરાજશ્રી ચરણવિજયજી મહારાજનો સ્વર્ગવાસ થતાં તે કાર્ય ભવિષ્યમાં પણ ચાલુ રહે તેવી ઇચ્છાથી તે કાર્ય મુનિરાજશ્રી પૂણ્યવિજયજી મહારાજને સુપ્રત કર્યું અને પ્રકાશન તથા વહીવટ સભા પાસે જ રાખવાનો નિર્ણય કાયમ રહ્યો તેથી તેમની જ પ્રથમથી પણ કૃપા, અને ઉપકાર આ સભા ઉપર હોવાથી આ સભા આચાર્યમહારાજનો પણ આભાર માને છે.

વયોવૃદ્ધ શાંતમૂર્તિ પ્રાતઃસ્મરણીય **પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજની** અપૂર્વ કૃપા તો આ સભા સ્થાપન થઈ ત્યારથી જ છે. સભાનું પ્રાચીન સાહિત્ય પ્રકાશનની શરૂઆત તેઓશ્રીની કૃપાવડે જ તેઓશ્રીના સુશિષ્ય મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા પ્રશિષ્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજથી જ ઘણા વર્ષોથી શરૂ થયેલ છે. તે હજુ સુધી નિયમિત અનેક ગ્રંથોના પ્રકાશનવડે થયા કરે છે અનેક સુંદર, શુદ્ધ પ્રાચીન મૂળ સાહિત્ય સભા તરફથી પ્રગટ થયા કરે છે કે સભાની પ્રતિષ્ઠામાં તેથી ઘણી વૃદ્ધિ થઇ છે. શ્રી પ્રવર્ત્તકજી મહારાજ જૈન સાહિત્ય ઉપર અપૂર્વ પ્રેમ ધરાવે છે. તેઓશ્રીના અપૂર્વ પ્રયત્નવડે વડોદરા અને છાણીના જૈન જ્ઞાનમંદિરો સુપ્રસિદ્ધ છે. તેઓશ્રીનો પ્રાચીન હસ્તલેખીત ગ્રંથસંગ્રહ પૂર્વાચાર્યોના પત્રો અને ઐતિહાસિક લેખો, જૈન ચિત્રકળા વગેરેનો સંગ્રહ પણ આહ્લાદ ઉત્પન્ન કરે તેવો છે. પોતાના જીવનમાં પોતાના શિષ્ય–પ્રશિષ્યોના સહકારવડે લીંબડી પાટણ વગેરેના જ્ઞાનભંડારો તપાસી નવું જીવન આપ્યું છે, વગેરેથી તો જૈનસમાજ ઉપરનો તે ઉપકાર નહિં ભૂલી શકાય તેવો છે. પાટણનો ભંડાર તો અતિ પ્રાચીન સંગ્રહવાળો છે. તે પાટણમાં જુદા જુદા સ્થળોએ હોવાથી એક જ સ્થાને ત્યાંના જૈન સંઘની દેખરેખ નીચે વ્યવસ્થિત અને સંરક્ષિત લાંબો વખત રહે તે માટે તેઓશ્રીના અમોઘ ઉપદેશથી ત્યાંના ગૃહસ્થ ઝવેરી હેમચંદભાઈ મોહનલાલની ઉદારતાથી જ્ઞાનમંદિરનું મકાન બંધાય છે. પુર્ણ થયા પછી તે તમામ ભંડારો ત્યાં એકત્ર થશે. પાટણ જૈનસંઘ ઉપર આ અવર્ણનીય ઉપકાર છે. જૈનસમાજને તે ગૌરવ લેવા જેવો વિષય છે. આ સભાના તો તેઓ શિરછત્ર રૂપ છે. સભાની ઉન્નતિમાં આ ગુરુરાજનો મ્હોટો ફાળો છે, જેથી આ સભા ઉપર તો પરંપરાએ પણ નહિ ભૂલી શકાય તેવો ઉપકાર છે.

સિવાય આ સભાના ચાલતા કોઈ કાર્યમાં આર્થિક કે બીજી કોઈ પણ પ્રકારની સહાય આ વર્ષમાં આપનાર જૈન બંધુઓનો તેમ જ શ્રી "આત્માનંદ પ્રકાશ" ને માટે પણ લેખો વગેરેથી સહકાર આપનાર કોઇપણ જૈન બંધુઓનો આભાર માનવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સભાનું વહીવટી ખાતું.

( સં. ૧૯૯૩ ના આસો વદિ ૦)) સુધી )

## ૧. શ્રી સભા નિભાવ ફંડ.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૪૫૧) | બાકી દેવા હતા. | ૧૬૭ા | ખર્ચમાં તૂટતો હવાલો. |
| ૬૫ા | વ્યાજ. | ૧૫૦૧) | બાકી દેવા રહ્યા. |
| ૧૫૨) | લાઇફ મેમ્બરો સ્વર્ગવાસ પામતાં આવેલ લવાજમનો હવાલો. | ૧૬૬૮ા | |
| ૧૬૬૮ા | | | |

## ૨. સભાસદોની ફી ખાતું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૨૭૭ા | બાકી દેવા હતા. | ૩૩૯ાાા— | મેમ્બરોને માસિક ભેટ મોકલ્યા તેના ખર્ચનો હવાલો. |
| ૭૦ાા | વાર્ષિક મેમ્બરોની ફીના. | ૮૦૦ાાાાા | ખર્ચ ખાતાનો હવાલો. |
| ૯૭૯ાા | લાઇફ મેમ્બરોની ફીના વ્યાજના. | ૧૪૦)—ાા | મેમ્બરોને ભેટનાં પુસ્તકો મોકલતાં કાર્ડ લખ્યા વગેરેના પોસ્ટના. |
| ૧૩૨૭ાા | | ૧૩૦ા≈ | મેમ્બરોને ભેટના પુસ્તકો મોકલ્યા તે ઉપરાંત પરચુરણ ભેટ અપાયા. |
| | | ૭ાા | મેમ્બરોના લવાજમ ન પતવાથી માંડી વાળ્યા. |
| | | ૩૫) | બાકી દેવા રહ્યા. |
| | | ૧૩૨૭ાા | |

For Private And Personal Use Only

## ૩. પહેલા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૦૪૦૧) બાકી દેવા હતા. | ૧૦૫૦૨) બાકી દેવા રહ્યા. |
| ૧૦૧) નવા મેમ્બરની ફીના. | ૧૦૫૦૨) |
| ૧૦૫૦૨) | |

## ૪. બીજા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૧૧૫૧) બાકી દેવા હતા. | ૧૦૦) લાઇફ મેમ્બરોની ફી ન પતી તે માંડી વાળ્યા. |
| ૨૦૨) નવા મેમ્બરોની ફીના. | ૧૫૨) મેમ્બરો સ્વર્ગવાસ પામતાં સભા નિભાવ ફંડ ખાતે હવાલો. |
| ૧૧૩૫૩) | ૧૧૧૦૧) બાકી દેવા રહ્યા. |
| | ૧૧૩૫૩) |

## ૫. ત્રીજા વર્ગના લાઇફ મેમ્બર ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૩૦૦) બાકી દેવા. | |

## ૬. આત્માનંદ ભવન મકાન ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૭૫૭ાા– ભાડાના આવ્યા. | ૨૧૨૯૮ાા બાકી લેણા હતા. |
| ૨૧૫૪૬ાાઞાા બાકી લેણા રહ્યા. | ૬૨ાા વીમા ખર્ચ. |
| ૨૨૩૦૪ા૦ાા | ૨૦૦ાાા૦ાા રીપેરીંગ કરાવી ઓટલો ચણાવ્યો વિગેરે ખર્ચ. |
| | ૭૪૨ાા વ્યાજના ઉધાર્યા. |
| | ૨૨૩૦૪ા૦ાા |

## ૭. આત્માનંદ ભવનની ઉત્તર બાજુના નવા મકાનનું ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૩૦) ભાડાના. | ૩૭૯૭ા બાકી લેણા હતા. |
| ૩૮૫૨ાા બાકી લેણા રહ્યા. | ૧૭૦ાા વ્યાજના. |
| | ૧૫) વીમો. |
| ૩૯૮૨ાા | ૩૯૮૨ાા |

## ૮. શ્રી સાધારણ ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૪૬)≡ બાકી દેવા હતા. | ૧૦૭)૦ાા પરચુરણ ખર્ચના. |
| ૧૫૭ાા≡ા પુસ્તક વેચાણમાંથી ૧/૪ હાંસલ. | ૧૯૬ાા~ાા બાકી દેવા રહ્યા. |
| ૩૦૩ાા=ા | ૩૦૩ાા=ા |

## ૯. શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રીમદ્‌ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જયંતિ (સાધારણ) ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૧૪૧૦) બાકી દેવા હતા. | ૬) ગોઠીને સંભાળ રાખવાના સં. ૧૯૯૩ની સાલના પગારના. |
| ૬૩) વ્યાજના. | ૧૪૬૭) બાકી દેવા રહ્યા. |
| ૧૪૭૩) | ૧૪૭૩) |

## ૧૦. મૂળચંદભાઇ સ્મારક ફંડ ખાતું.

| જ | ઉ |
|---|---|
| ૪૧૫) બાકી દેવા રૂ. ૧૦૦૦) ના બોન્ડના ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંત | ૬૧ાા~ સ્કોલરશીપના. |
| ૬૮ાા~ વ્યાજના આવ્યા. | ૪૨૨ા બાકી દેવા રહ્યા. |
| ૪૮૩ાા~ | ૪૮૩ાા~ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૧૧. શ્રી ખોડીદાસભાઇ સ્મારક ફંડ ખાતું.

**જ**

૨૩૧) બાકી દેવા રૂ. ૧૦૦૦) ના બોન્ડના ટ્રસ્ટીઓના નામે છે તે ઉપરાંત
૬૦। વ્યાજના આવ્યા.
૨૯૧।

**ઉ**

૫૦) સાધર્મીભાઇઓને મદદના આપ્યા.
૨૪૧। બાકી દેવા રહ્યા.
૨૯૧।

## ૧૨. શ્રી જ્ઞાન ખાતું.

**જ**

૧૦)=॥ બેસતા વર્ષના જ્ઞાનપૂજનના.
૩॥ જ્ઞાનપંચમીના જ્ઞાનપૂજનના.
૪૪। વીમાના કમીશનના.
૧૬૪।≡॥ પુસ્તકો વેચાણમાંથી હાંસલ રૂ
૧૪। પરચુરણ કસર વિગેરે.
૩૦) વખાર ભાડાના ઉપજ્યા.
૩૨૩॥-। વ્યાજનો વધારો આ સાલનો.
૫૯૦)≡॥
૫૧૯૭॥= બાકી લેણા રહ્યા.
૫૭૮૭॥-॥

**ઉ**

૪૬૫૮) બાકી લેણા જ્ઞાનખાતાનો સ્ટોર –કબાટો વગેરે.
૧૧૨॥ વીમાનો ખર્ચ.
૫૧) વખાર ભાડું.
૧૫૫।≡ માસિકો, વર્તમાન પેપરો વગેરે. લાઇબ્રેરી માટે મંગાવ્યા તેના.
૧૧૫॥ લાઇબ્રેરીના પુસ્તકો ખરીદ કર્યા.
૩૬૧) આત્માનંદ પ્રકાશ પુ. ૩૩ ની ખોટ.
૧૨૫) ઉજમબાઇ કન્યાશાળાને વાર્ષિક મદદ.
૧૨૮)- પુસ્તકો સાધુ-સાધ્વી, જ્ઞાનભંડાર વગેરેને ભેટ આપ્યા
૭૦। જાહેર ખબર ખર્ચના
૧૦॥-। પેકીંગ તથા પરચુરણ ખર્ચ.
૫૭૮૭॥-॥

## ૧૩. શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૩૩ નું ખાતું.

**જ**

૬૧૩॥। લવાજમ વસુલ થયું.
૩૩૯॥।- મેમ્બર ફી ખાતેથી જમે.
૩૬૧) ખોટના જ્ઞાન ખાતેથી જમે.
૧૦૧૪॥-

**ઉ**

૭૮૦॥।= છપાઇ, કાગળ, બાઇંડીંગ.
૧૬૬)- પોસ્ટ ખર્ચ.
૭)= પરચુરણ બ્લોક-પટ્ટી વગેરે.
૬૦॥ માસિકના વી. પી. પાછા આવતા પોસ્ટેજ
૧૦૧૪॥-

For Private And Personal Use Only

# સં. ૧૯૯૩ ના આસો વદિ ૦)) સુધી નું સરવૈયું.

**જ**

૧૫૦૧) શ્રી સભા નિભાવ ફંડ ખાતે.
૩૫) શ્રી સભાસદોની ફી ખાતે.
૨૩૪૦૩) લાઇફ મેમ્બરોની ફી ખાતે.
૧૫૦૧ પેટ્રન
૧૦૫૦૧-૧૧૧૦૧-૩૦૦
૨૩૪૦૩
૧૯૬ા।ના શ્રી સાધારણ ખાતું.
૧૪૬૭) શ્રી વિજયાનંદસૂરિની જયંતિ ખાતું.
૪૨૨। શ્રી મૂળચંદભાઇ સ્મારક ફંડ.
૨૪૧। શ્રી ખોડીદાસભાઇ સ્મારક ફંડ.
૧૩૦૪૬ા।≈। શ્રી પુસ્તકો છપાવવા ખાતું.
૧૬૦૮૬ા= સીરીઝના ખાતાઓ.
૯૭૬। ૦। છાપખાના વગેરે ખાતાઓ.
૬૫૧૭ા।૦। શરાફી.
૬૨૧૦ા।= -૨૩૧-૭૫ા।≈।
૧૧૭૭૨ા। જયંતિ વિગેરે મદદ ફંડો.
૬૮૬૯ા।
૪૮૦૦-૧૦૩
૭૫૬૬૫ા।≈।

**ઉ**

૨૫૩૯૯ા≈ા। મકાન ખાતે લેણા.
૨૧૫૪૬ા≈ા। આત્માનંદ ભવન.
૩૮૫૨ા। ઉતરાદા મકાન.
૨૫૩૯૯ા≈ા।
૫૧૯૭ા= શ્રી જ્ઞાન ખાતે લેણા.
૪૦૫૧) ડેડ સ્ટોક.
૧૧૪૬ા= લાઇબ્રેરીના પુસ્તકો વગેરેના માંડીવાળતા ખર્ચ.
૫૧૯૭ા=
૧૧૫૩૧ા।= શ્રી છપાતા પુસ્તકો ખાતે લેણા.
૮૬૧૨ા= સીરીઝના પુસ્તકો ખાતે.
૨૩૬ા।~ આત્માનંદ પ્રકાશ પુ. ૩૫ ના ખાતે.
૨૧૨૧)≈ા। છાપખાના બુકસેલર્સ વિ. ખાતે.
૨૧૪૨૦)≡ પરચુરણ શરાફી ખાતે.
૬૬૬ા।-૨૦૧૮૭) ૦ા।
૧૨૦ા।≈ા—૪૪૫ા।≈ા।
૨૧૪૨૦)≡
૧૧૩૧। ૦। મેમ્બરો પાસે લેણા.
૧૫ા।= શ્રી પુરાંત જણશે.
૭૫૬૬૫ા।≈।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ડેડ સ્ટોક અને સ્ટોર.

) સંવત ૧૯૯૩ ના આસો વદિ ૦)) સુધીનો )

**શ્રી જ્ઞાન ખાતાનો સામાન.**

૧૦૦૪) મુનિરાજના ફોટાઓ ઓઇલપેઇન્ટ તથા બીજા નાના મોટા વિગેરે.
૧૨૧૦) લાઇબ્રેરીના પુસ્તકો તથા પરચુરણ સામાન ભરવાના કબાટો નંગ ૧૭.
૪૭૧) વેચાણના પુસ્તકો માટેના મોટા કબાટો નં ૪.
૧૫૦) પુસ્તકો ભરવાની પેટીઓ નંગ ૫, છોડ રાખવાની પેટી ૧, પેપરો રાખવાનું ખાનું, કબાટના ઢાળીયા-લાકડાનું નકશીદાર ત્રિગડું વિગેરે.
૧૩૫) શ્રી ગુરૂમંદિર માટે આરસના સિંહાસન નં. ૨.
૧૬) કબાટોના તાળા નં. ૪૫.
૯૫) તીજોરી.
૯૭૦) ભરેલા છોડ ૩) તથા રૂપાની ઠવણી પાઠું.

૪૦૫૧)

**શ્રી સાધારણખાતાનો સામાન.**

૧૦૧) મૂળચંદ નથુભાઇનો ઓઇલ પેઇન્ટ ફોટો.
૭૫) પરચુરણ ફોટાઓ.
૭૩૨) બાંકડાઓ, ખુરશીઓ, ટેબલો નાના મોટા ઘડીઆળ, ગાદી-તકીયા, ફાનસ, જાજમો, ગાલીચો, કોપીંગ પ્રેસ, પાટ, નામના બોર્ડો, મેજ વિગેરે.
૪૨) ટેબલક્લોથ, ધ્વજાપતાકા, કપ-રકાબી વિગેરે.

૯૫૦)

કુલ રૂ. ૫૦૦૧)

ઉપર પ્રમાણે સંક્ષિપ્તમાં કિંમત સાથે જણાવેલ છે, પરંતુ વિસ્તારથી તમામ વિગત સાથે સંવત ૧૯૯૩ ની ખાતાવહીના ચોપડાના પુંઠે લખાયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપૂર્વ લાભ.

આ સભાના લાઇફ મેમ્બર થવાથી જીવન પર્યંત શ્રી આત્માનંદ પ્રકાશ માસિક અને સભાના પ્રકાશિત થયેલ પુસ્તકો ધારા પ્રમાણે ભેટ મળે છે. આ લાભ કોઇપણ ગૃહસ્થ, શાળા, પાઠશાળા, પુસ્તકાલય, જ્ઞાનભંડાર વગેરેએ ખાસ લઇને થોડા વર્ષોમાં એક સારી લાઇબ્રેરી કરવા ન ચૂકવું જોઇએ.

**શ્રી જૈન આત્માનંદ સભા**

**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોકપ્રમાણ મૂળ પાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરલ અને સુંદર ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત, સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રકટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે. તેથી આ પ્રભુનાં જીવનચરિત્રનું મનનપૂર્વક વાંચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે. કિંમત રૂા. ૩—૦—૦ પોસ્ટેજ જુદું.

**લખો: શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

### નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

૧ **શ્રી સામાયિક સૂત્ર,** મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦—૨—૬
૨ **શ્રી દેવસિરાઇ પ્રતિક્રમણ** ,, ,, રૂા. ૦-૧૦-૦
૩ **શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર** ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશન બોર્ડ જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂા. ૧—૪—૦ રૂા. ૧—૧૨—૦
૪ **શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ.** રૂા. ૦—૨—૦
૫ **શ્રી શત્રુંજય તીર્થ** વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ. ચરિત્ર પૂજા સાથે. રૂા. ૦—૪—૦
૬ **શ્રી વીશ સ્થાનક પદ પૂજા** ( અર્થ, વિધિ—વિધાન, યંત્રો, મંડળ વગેરે સહિત ). રૂા. ૦-૧૨-૦

### પરમાત્માના ચરિત્રો.

( ગુજરાતી ભાષામાં ) તૈયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨—૦—૦ ૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧—૧૨—૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪—૮—૦ ૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧—૧૨—૦
૫ શ્રી મહાવીર ચરિત્ર ( આવતા માસમાં પ્રકટ થશે ) રૂા. ૩—૦—૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર ( ચોવીશ જિનેશ્વરના સક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર ) જૈન પાઠશાળા કન્યાશાળામાં પઠનપાઠન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦—૧૦—૦

### છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र ) २ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ पांचमो छट्ठो कर्मग्रन्थ.
५ श्री बृहत्कल्प भाग ४


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

# શ્રી બૃહત્કલ્પસૂત્ર ત્રીજો ભાગ.

( પ્રથમ ઉદ્દેશ )

( શ્રી ભદ્રબાહુ સ્વામીપ્રણીત સ્વોપજ્ઞનિર્યુક્તિ સહિત અને શ્રી સંઘદાસગણિ ક્ષમાશ્રમણ સંકલિત ભાષ્ય સહિત )

અતિમાન્ય આ છેદસૂત્રનો આ ત્રીજો ભાગ પ્રાચીન ભંડારો અને લિખિત તાડપત્રીય પ્રતો સાથે રાખી અનુપમ પ્રયત્ન સેવી સાક્ષરવર્યો મુનિરાજ શ્રી **ચતુરવિજયજી મહારાજ** તથા **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે** સંશોધન કરી તૈયાર કરેલ છે, કે જેમાં કલ્પાધ્યયન ટીકામાં પ્રથમ ઉદ્દેશની પરિસમાપ્તિ કરવામાં આવેલ છે. અમારા પ્રાચીન સાહિત્ય ( સંસ્કૃત-પ્રાકૃત )ના પ્રકાશનોમાં પ્રસ્તાવના, નિવેદનો ગુજરાતી ભાષામાં પ્રકટ કરવામાં આવે છે કે જેથી તે તે ગ્રંથોના અજાણ ભાઈઓ વગેરે આમાં શું વિષય છે, સંશોધનકાર્યમાં કેવો પરિશ્રમ સેવી સંપાદક મહાપુરૂષો સાહિત્યસેવા અને જૈન સમાજ ઉપર કેવો ઉપકાર કરી રહેલ છે તે માલુમ પડે.

આ ગ્રંથમાં આવેલ વિષયો માટે ટીકાકાર મહારાજે તેના સ્થાનદર્શક જે આગમો આવેલ છે તે પ્રમાણોના સ્થાનદર્શક ગ્રંથો અને પ્રકાશકોની નામસૂચિ, વિષયાનુક્રમ, પાઠાંતરો, ટિપ્પણીઓ વગેરે આપી વાંચક, અભ્યાસીવર્ગને માટે સરલ બનાવેલ છે. જ્ઞાનભંડારોના સુંદર શણગારરૂપ થવા સુંદર શાસ્ત્રીલીપીથી ઊંચા, ટકાઉ કાગળો ઉપર શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી સુશોભિત કપડાના બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૫-૮-૦ સાડા પાંચ રૂપીઆ. પોસ્ટેજ જુદું.

| | |
|---|---|
| **वसुदेवहिंडि-પહેલો અને બીજો ભાગ** | રૂા. ૭-૦-૦ |
| **बृहत्कल्प-પ્રથમ બીજો અને ત્રીજો ભાગ** | રૂા.૧૫-૮-૦ |

**દેવેન્દ્રસૂરિની ટીકાવાળા કર્મગ્રંથ પ્રથમથી ચાર સુધી રૂા. ૨-૦-૦**

માત્ર જુજ કોપી સીલીકે છે.

ઉપરના ગ્રંથોની ઘણી થોડી નકલો સીલીકે છે માટે જલદી મંગાવો પછી મળવી મુશ્કેલ છે.

લખો.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only